वामबाहुश्चेत् ,पुत्रदारक्षयस्तदा । यदि दक्षिणबाहुर्नेक्ष्यते भ्रातृक्षयस्तदा ॥ १७२ ॥ अदृष्टे हृदये मृत्युरुदरे च धनक्षयः । गुह्ये पितृविनाशस्तु, व्याधिरूरुयुगे भवेत् ॥१७३॥अदर्शने पादयोश्च, विदेशे गमनं भवेत्। अदृश्यमाने सर्वाङ्गे,सद्यो मरणमादिशेत्॥१७४॥ विद्यया दर्पणांगुष्ठकुड्यासिष्ववतारिता । विधिना देवता पृष्टा, ब्रूते कालस्य निर्णयम्॥१७५॥[विद्याविधिः]सूर्येन्दुग्रहणे विद्या'नरवीरे ठठे'त्यसौ।साध्या दशसहस्रयाष्टोत्तरया जपकर्मतः॥१७६॥अष्टोत्तरसहस्रस्य, जपात्कार्यक्षणे पुनः । देवता लीयतेऽस्यादौ,ततः कन्याह निर्णयम्।१७७।सत्साधकगुणाकृष्टा,स्वयमेवाथ देवता।त्रिकालविषयं ब्रूते, निर्णयं गतसंशयम् ॥१७८॥ [अथ शकुनानि]अथवा शकुनाद्विद्यात्सज्जो वा यदिवाऽऽतुरः । स्वतो वा परतो वापि, गृहे वा

જણાય તો ભાઇનો નાશ થાય. ૧૭૨. હૃદય ન દેખાય તો પોતાનું મરણ, ઉદર ન દેખાય તો ધનનો ક્ષય, ગુહ્યસ્થાન ન જણાય તો પિતૃનો નાશ અને બે ઉરૂ ન જણાય તો રોગ થાય. ૧૭૩. બે પગ ન જણાય તો પરદેશ જવાનું થાય અને આખું શરીર ન જણાય તો તરત મૃત્યુ થાય.૧૭૪. વિદ્યાથી દર્પણમાં, અંગુઠામાં, ભીંતમાં અથવા ખડ્ગમાં ઉતારેલા દેવતાને વિધિપૂર્વક પૂછવાથી કાળનો નિર્ણય થાય છે. ૧૭૫. "નરવીરે ઠઠ" એ પ્રમાણે આ વિદ્યા સૂર્યગ્રહણ અથવા ચંદ્રગ્રહણ આવે છતે દશ હજારને આઠ વખત (૧૦૦૦૮) જાપ કરીને સાધવી. ૧૭૬. બીજીવાર કાર્યક્ષણે તો તરવાર દર્પણ, અંગુઠા આદિને વિષે એક હજારને આઠ (૧૦૦૮) વખત જાપ કરવાથી દેવતા આધીન થાય છે ને પછી કુંવારી કન્યા નિર્ણય કહે છે. ૧૭૭. અથવા સારા સાધકના ગુણથી આકર્ષાએલ દેવતા પોતાની મેળેજ સંશય રહિત ત્રિકાળ વિષયીકાળનું સ્વરૂપ કહે છે. ૧૭૮. **(હવે શકુનોથી કાલજ્ઞાન કહે છે.)** સાજો હોય અથવા રોગી હોય, પોતાથી અથવા પરથી, ઘરમાં અથવા બહાર શુકનથી

यदिवा बहिः ॥१७९॥ अहिवृश्चिककृम्याखुगृहगोधापिपीलिकाः। यूकामत्कूणलूताश्च, वल्मीकोऽथोपदेहिका॥१८०॥ कीटिका घृतवर्णाश्च, भ्रमर्यश्च यदाऽधिकाः। उद्वेगकलहव्याधिमरणानि तदादिशेत् ॥ १८१ ॥युग्मम्॥ उपानद्वाहनच्छत्रशस्त्रच्छायांगकुन्तलान्। चंच्वा चुंबेद्यदा काकस्तदाऽऽसन्नैव पञ्चता॥१८२ ॥ अश्रुपूर्णदृशो गावो, गाढं पादैर्वसुन्धराम्। खनन्ति चेत्तदानीं स्वाद्रोगो मृत्युश्च तत्प्रभोः ॥१८३॥ अनातुरकृते ह्येतच्छकुनं परिकीर्तितम्। अधुनाऽऽतुरमुद्दिश्य, शकुनं परिकीर्त्यते ॥ १८४ ॥ [श्वशकुनं] दक्षिणस्यां वलित्वा चेच्छ्वा गुदं लेढ्युरोऽथवा। लांगूलं वा तदा-मृत्युरेकद्वित्रिदिनैः क्रमात् ॥१८५॥ शेते निमित्तकाले चेच्छ्वा संकोच्याखिलं वपुः। धृत्वा कर्णौ वलित्वाऽङ्गं, धुनोत्यथ ततो मृतिः ॥१८६॥यदि व्यात्तमुखो लालां, मुञ्चन् संकोचितेक्षणः।

શુભાશુભ નિર્ણય કરવો. ૧૭૯. જયારે સર્પ, વીંછી, કૃમિ, ઉંદર, ગિરોલી, કીડીઓ, જુંઓ, માંકણ, લૂતા (કરોળીઓ) રાફડા, ઉધેહી, કીડા, ઘીમેલો, અને ભમરીઓ વધારે જોવામાં આવે તો ઉદ્વેગ, કલહ, રોગ અને મરણ થાય. ૧૮૦–૧૮૧. જોડા, વાહન, છત્ર, શસ્ત્ર, છાયા, શરીર અને કેશને ચંચુથી કાગડો જો ચુંબે તો નજીકમાં મરણ થાય. ૧૮૨. અશ્રુથી પૂર્ણ દ્રષ્ટિવાળી ગાયો જો પગથી અત્યન્ત પૃથ્વીને ખોદે તો તેના સ્વામિને રોગ અથવા મરણ થાય. ૧૮૩. નિરોગી માણસ માટે આ શુકન કહ્યું; હવે રોગીને ઉદ્દેશીને શુકન કહેવાશે ૧૮૪. (**હવે રોગીને માટે શુકનો કહે છે.**) જો કાળો કુતરો દક્ષિણ દિશા તરફ વળીને પોતાની ગુદા, છાતી અથવા પુંછડું ચાટે તો અનુક્રમે એક, બે ને ત્રણ દિવસે મરણ થાય. ૧૮૫. તથા જો નિમિત્તકાળે કુતરો આખું શરીર સંકોચીને સૂવે. તથા બે કાન સીધા કરી શરીર વાળીને ધુણાવે તો મરણ થાય. ૧૮૬. જો મુખ પહોળ-

अङ्गं संकोच्य शेते श्वा, तदा मृत्युर्न संशयः॥१८७॥(काकशकुनं) यद्यातुरगृहस्योर्ध्वं, काकपक्षिगणो मिलन्।त्रिसन्ध्यं दृश्यते नूनं,तदा मृत्युरुपस्थितः ॥१८८॥ महानसेऽथवा शय्यागारे काकाः क्षिपन्ति चेत्। चर्मास्थि रज्जुं केशान् वा, तदाऽऽसन्नैव पञ्चता॥१८९॥ [अथ उपश्रुतितः कालस्वरूपं] अथवोपश्रुतेर्विद्याद्विद्वान् कालस्य निर्णयम् । प्रशस्ते दिवसे स्वप्नकाले शस्तां दिशं श्रितः ॥१९०॥ पूत्वा पञ्चनमस्कृत्याचार्यमंत्रेण वा श्रुती । गेहाच्छन्नश्रुतिर्गच्छेच्छिल्पिचत्वरभूमिषु ॥ १९१ ॥ चन्दनेनार्चयित्वा क्ष्मां, क्षिप्त्वा गन्धाक्षतादि च। सावधानस्ततस्तत्रोपश्रुतेःशृणुयाद् ध्वनिम्॥१९२॥ अर्थान्तरापदेश्यश्च, सरूपश्चेति स द्विधा । विमर्शगम्यस्तत्राद्यः, स्फुटोक्तार्थोऽपरः पुनः ॥१९३॥ यथैष भवनस्तंभः, पञ्चषड्भिरयं

ઉં કરી, લાળ મૂકતો, આંખો બંધ કરીને શરીર સંકોચીને કુતરો સૂવે તો અવશ્ય મરણ થાય. ૧૮૭. ("કાગડાના શકુનનું ફલ કહે છે.") જો રોગીના ઘર ઉપર ત્રણે કાળ કાગડાનો સમુદાય મળેલો જણાય, તો નિશ્ચે મરણ પ્રાપ્ત થયું જાણવું. ૧૮૮. રસોડા ઉપર અથવા શયનગૃહ ઉપર જો કાગડાઓ ચામડું, હાડકાં, દોરડું અથવા વાળ ફેંકે તો તેનું નજીકમાં મરણ છે એમ જાણવું. ૧૮૯. (હવે ઉપશ્રુતિથી કાલનું સ્વરૂપ કહે છે.) અથવા ઉપશ્રુતિથી સારા દિવસે સુવાને વખતે ઉત્તમ દિશામાં રહીને વિદ્વાને કાળનો નિર્ણય જાણવો. ૧૯૦. પાંચ નમસ્કાર મંત્રથી અથવા આચાર્ય મંત્રથી કાન પવિત્ર કરીને કાન ઢાંકી ઘરથી બહાર કારીગરની, અથવા ચૌટાની ભૂમિમાં જવું. ૧૯૧. ચન્દનથી પૃથ્વીને અર્ચી, ગન્ધ અક્ષતાદિ નાંખીને પછી ત્યાં ધ્યાનપૂર્વક ઉપશ્રુતિથી ધ્વનિ સાંભળવો. ૧૯૨. તે ધ્વનિ 'અર્થાન્તરાપદેશ્ય' અને 'સરૂપ' શ્રુતિ એમ બે પ્રકારે છે, તેમાં પહેલો વિચારથી જાણી શકાય છે અને બીજો પ્રગટ કહેલા અર્થવાળો છે. ૧૯૩. જેમકે આ ઘરનો

दिनैः । पक्षैर्मासैरथो वर्षैर्भक्ष्यते यदिवा न वा ॥ १९४ ॥ मनोहरतरश्चासीत्, किंत्वयं लघु भंक्ष्यते । अर्थान्तरापदेश्यः स्यादेवमादिरुपश्रुतिः ॥१९५॥ एषा स्त्री पुरुषो वाऽसौ, स्थानादस्मान्न यास्यति ।दास्यामो न वयं गन्तुं, गन्तुकामो न चाप्ययम्॥१९६॥ विद्यते गन्तुकामोऽयमहं च प्रेक्ष(ष)णोत्सुकः । तेन यास्यत्यसौ शीघ्रं, स्यात्सरूपेत्युपश्रुतिः ॥ १९७ ॥ कर्णोद्घाटनसंजातोपश्रुत्यन्तरमात्मनः । कुशलाः कालमासन्नमनासन्नं च जानते ॥१९८॥ नवभिः कुलकम् । [अथ शनैश्चरतः कालस्वरूपं] शनिः स्याद्यत्र नक्षत्रे,तद्दातव्यं मुखे ततः। चत्वारि दक्षिणे पाणौ, त्रीणि त्रीणि च पादयोः ॥१९९॥ चत्वारि वामहस्ते तु, क्रमशःपञ्च वक्षसि। त्रीणि शीर्षे दृशोर्द्वे द्वे, गुह्य एकः शनौ नरे॥२००॥ निमित्तस-

---

स्तंभ पांच छ दिवसे, अथवा पांच छ पखवाडीએ या पांच छ वर्षे भांगी जशे अथवा नहि भांगे. १९४. घणो मनोहर छे परन्तु आ जल्दी भांगी जशे विगेरे आ प्रमाणे 'अर्थान्तरापदेश्य' उपश्रुति थाय. १९५. आ स्त्री अथवा आ पुरुष आ स्थानथी नहि जाय, आ जवानी ईच्छावाळो छे पण अमे नहि जवा दईએ. १९६. अथवा आ जवानी ईच्छावाळा छे अने हुं मोकलवाने पण उत्सुक छुं, तेथी आथी जल्दी जशे. એ प्रमाणे 'सरूप' उपश्रुति जाणवी. १९७. पोताना हृदयमां कान उघाडवाथी सांभळेली उपश्रुतिथी कुशळ पुरुषो पोतानुं मरण नजीक छे अथवा दूर छे ते जाणे छे. १९८. (हवे **शनिश्चरथी कालनुं स्वरूप** कहे छे.) जे नक्षत्रमां शनि होय, ते नक्षत्र मुखमां आपवुं. ते पछी बीजा चार नक्षत्र जमणा हाथमां, त्रण त्रण बे पगमां.१९९.पछी अनुक्रमे चारनक्षत्र डाबा हाथमां,पांच हृदयमां,त्रण नक्षत्र मस्तकमां,बे बे चक्षुमां अने એक नक्षत्र गुह्य स्थाने शनिरूप पुरुषमां मुकवा. २००. त्यां निमित्त समये

मये तत्र, पतितं स्थापनाक्रमात् । जन्मर्क्षं नामऋक्षं वा, गुह्यदेशे भवेद्यदि ॥ २०१ ॥ दृष्टं श्लिष्टं ग्रहैर्दुष्टैः, सौम्यैरप्रेक्षितायुतम् । सज्जस्यापि तदा मृत्युः, का कथा रोगिणः पुनः? ॥२०२॥ चतुर्भिः कलापकं॥ (अथ प्रश्नलग्नतः कालस्वरूपं) पृच्छायामथ लग्नास्ते, चतुर्थदशमास्थिताः । ग्रहाः क्रूराः शशी षष्ठाष्टमश्चेत्स्याचदा मृतिः ॥२०३॥ पृच्छायाः समये लग्नाधिपतिर्भवति ग्रहः । यदि चास्तमितो मृत्युः, सज्जस्यापि तदा भवेत् ॥२०४॥ लग्नस्थश्चेच्छशी सौरिर्द्वादशो नवमः कुजः । अष्टमोऽर्कस्तदा मृत्युः, स्याच्चेन्न बलवान् गुरुः ॥२०५॥ रविः षष्ठस्तृतीयो वा, शशी च दशमस्थितः । यदा भवति मृत्युः स्यात्तृतीये दिवसे तदा ॥ २०६ ॥ पापग्रहाश्चेदुदयात्तुर्ये वा द्वादशेऽथवा । दिशन्ति तद्विदो मृत्युं, तृतीये दि-

---

સ્થાપના ક્રમથી જન્મ નક્ષત્ર અથવા નામ નક્ષત્ર ગુહ્યદેશમાં જો પડેલું હોય. ૨૦૧. દુષ્ટ ગ્રહોએ તે જોએલું હોય અથવા તેમની સાથે મળેલું હોય, તેમજ ઉત્તમ ગ્રહોએ ન જોએલું હોય અને તેમને મળેલું પણ ન હોય, તો સાજો માણસ પણ મરી જાય પછી રોગીની તો વાત શું કરવી. ૨૦૨. (**હવે પ્રશ્ન લગ્નથી કાલ સ્વરૂપ કહે છે.**) પ્રશ્ન સમયે લગ્ન અસ્ત થઇ જાય, અને ક્રૂર ગ્રહો ચોથે યા દશમે સ્થાને હોય તથા ચંદ્રમા છઠ્ઠા અથવા આઠમા સ્થાને હોય તો મરણ થાય. ૨૦૩. પૃચ્છાના સમયે લગ્નનો અધિપતિગ્રહ જો અસ્ત થઈ જાય તો સાજા માણસનું પણ મરણ થાય. ૨૦૪. જો ચંદ્ર લગ્નમાં હોય, શનિ બારમો હોય, મંગળ નવમો હોય અને સૂર્ય આઠમો હોય તથા ગુરૂ બળવાન ન હોય તો મરણ થાય. ૨૦૫. સૂર્ય છઠ્ઠો વા ત્રીજો હોય અને ચન્દ્ર દશમો હોય તો ત્રીજે દિવસે મૃત્યુ થાય. ૨૦૬. જો પાપી ગ્રહો ચોથા અથવા દશમા સ્થાને હોય તો ત્રીજે દિવસે મરણ

वसे तदा ॥२०७॥ उदये पञ्चमे वापि, यदि पापग्रहो भवेत् । अष्टभिर्दशभिर्वा स्याद्दिवसैः पञ्चता तदा ॥२०८॥ धनुर्मिथुनयोः सप्तमयोर्यद्यशुभा ग्रहाः । तदा व्याधिर्मृतिर्वा स्याज्ज्योतिषामिति निर्णयः ॥२०९॥ (अथ यंत्रतः कालस्वरूपं) अन्तस्थाधिकृतप्राणिनामप्रणवगर्भितम्।कोणस्थरेफमाग्नेयपुरं ज्वालाशताकुलम्॥२१०। सानुस्वारैरकाराद्यैः, षट्स्वरैः पार्श्वतो वृतम् । स्वस्तिकांकबहिःकोणं, स्वाक्षरान्तः प्रतिष्ठितम्॥२११॥चतुःपार्श्वस्थगुरुयं, यंत्रं वायुपुरावृत्तम्। कल्पयित्वा परिन्यस्येत्,पादहृच्छीर्षसन्धिषु॥२१२॥(यन्त्रस्थापना) सूर्योदयक्षणे सूर्यं, पृष्ठे कृत्वा ततः सुधीः। स्वपरायुर्विनिश्चेतुं, निजच्छायां विलोकयेत्॥२१३॥ पूर्णां छायां यदीक्षेत,तदा वर्षं न

થાય એમ કાલજ્ઞ પુરૂષો કહે છે. ૨૦૭. ઉદયસ્થાનમાં અથવા પાંચમાં સ્થાનમાં જો પાપી ગ્રહ હોય તો આઠ અથવા દશ દિવસે મરણ થાય. ૨૦૮. સાતમા ધનુરાશી ને મિથુનરાશીમાં જો અશુભ ગ્રહો હોય તો વ્યાધી અથવા મરણ થાય એમ જયોતિષ જાણનારાઓનો નિર્ણય છે. ૨૦૯. (હવે યંત્રદ્વારાએ કાલસ્વરૂપ કહે છે.) મધ્યમાં રહેલું તથા અધિકૃતપ્રાણિ છે નામ જેનું, એવા "પ્રણવે" કરીને ગર્ભીત તથા ખુણામાં રેફવાળું, તથા સેંકડો અગ્નિ જવાળાથી વ્યાપ્ત, એવું અગ્નિ પુર. ૨૧૦. અનુસ્વાર યુક્ત અકારાદિ છ સ્વરોએ બાજુઓ વીંટીને બહારના ખુણે સ્વસ્તિક મૂકવા. સ્વરને સ્વસ્તિકની વચ્ચે "સ્વા" અક્ષર મૂકવો ૨૧૧. ચારે બાજુ વિસર્ગ સહિત 'ય'કારવાળું એવી રીતના યંત્રને વાયુના સમુહથી આવૃત થએલું કલ્પીને અંને પગો ઉપર, હૃદયમાં મસ્તક ઉપર અને સાંધાઓમાં રાખવું. ૨૧૨. તે પછી સૂર્યોદય વખતે સૂર્ય પાછળ કરી બુદ્ધિમાન મનુષ્યે પોતાના અથવા પરના આયુષનો નિશ્ચય કરવા પોતાની છાયા જોવી. ૨૧૩. જો સંપૂર્ણ છાયા જ-

पञ्चता । कर्णाभावे तु पञ्चत्वं, वर्षैर्द्वादशभिर्भवेत् ॥२१४॥ हस्तांगुलिस्कन्धकेशपार्श्वनासाक्षये क्रमात् । दशाष्टसप्तपञ्चत्र्येकवर्षैर्मरणं दिशेत् ॥२१५॥ षण्मास्या म्रियते नांशे, शिरसश्चिबुकस्य वा । ग्रीवानाशे तु मासेनैकादशाहेन दृक्क्षये ॥२१६॥ सच्छिद्रे हृदये मृत्युर्दिवसैः सप्तभिर्भवेत् । यदि छायाद्वयं पश्येद्यमपार्श्वं तदा व्रजेत् ॥२१७॥अष्टभिःकुलकम्॥इति यंत्रप्रयोगेण,जानीयात्कालनिर्णयम् । यदिवा विद्यया विद्याद्वक्ष्यमाणप्रकारया ॥२१८॥ (अथ विद्यास्वरूपं) प्रथमं न्यस्य चूडायां 'स्वा'शब्दमों च मस्तके । 'क्षि' नेत्रे हृदये 'पं'च नाभ्यब्जे 'हा'क्षरं ततः ॥२१९॥ ("ॐ जुं सः ॐ मृत्युंजयाय ॐ वज्रपाणिने शूलपाणिने हर हर दह दह स्वरूपं दर्शय हुं फट् फट् स्वाहा") अनया विद्ययाऽष्टाग्रशतवारं विलोचने । स्वच्छायां चाभिमंत्र्यार्कं, पृष्ठे कृत्वाऽरुणोदये ॥ २२० ॥

ણાય તો એક વરસ સુધી મરણ ન થાય, અને જો કાન ન દેખાય તો બાર વરસે મરણ થાય. ૨૧૪. હાથ, અંગુલી, સ્કંધ, કેશ, પડખું અને નાસિકા જો ન દેખાય તો અનુક્રમે દશ, આઠ, સાત, પાંચ, ત્રણ ને એક વર્ષે મરણ થાય. ૨૧૫. મસ્તક અથવા હડપચી ન જણાય તો છ મહીને મરણ થાય, ગ્રીવા ન જણાય તો એક માસે અને આંખો ન જણાય તો અગીઆર દિવસે. ૨૧૬. છિદ્રવાળું હૃદય જણાય તો સાત દિવસે મરણ થાય અને જો બે છાયાઓ જણાય તો તરતજ યમરાજ પાસે જાય. ૨૧૭. એ પ્રમાણે યંત્ર પ્રયોગથી કાળનો નિર્ણય જાણવો. અથવા હવે જેકહેવાશે તે વિદ્યાના પ્રકારથી જાણવો.૨૧૮.પહેલાં ચોટલીમાં "स्वा"શબ્દ સ્થાપીને મસ્તકમાં "ॐ"શબ્દ સ્થાપવો. પછી નેત્રમાં 'क्षि' હૃદયમાં 'प' અને નાભિકમળમાં 'ह' અક્ષર સ્થાપવો. ૨૧૯ અરૂણોદય વખતે સૂર્ય પાછળ કરીને આ વિદ્યાથી એકસો આઠવાર ચક્ષુ અને પોતાની છાયામંત્રીને, બીજા માટે બીજાની

परच्छायां परकृते, स्वच्छायां स्वकृते पुनः । सम्यक्तत्कृतपूजः सन्नुपयुक्तो विलोकयेत् ॥२२१॥ संपूर्णां यदि पश्येत्तामावर्षं न मृतिस्तदा। क्रमजंघाजान्वभावे, त्रिद्व्येकाब्दैर्मृतिः पुनः॥२२२॥ उरोरभावे दशभिर्मासैर्नश्येत्कटेः पुनः। अष्टभिर्नवभिर्वापि, तुन्दाभावे तु पञ्चषैः॥२२३॥ग्रीवाभावे चतुस्त्रिद्व्येकमासैर्म्रियते पुनः। कक्षाभावे तु पक्षेण, दशाहेन भुजक्षये॥२२४॥ दिनैः स्कन्धक्षयेऽष्टाभिश्चतुर्याम्या तु हृत्क्षये । शीर्षाभावे तु यामाभ्यां, सर्वाभावे तु तत्क्षणात् ॥२२५॥ सप्तभिः कुलकम्॥ एवमाध्यात्मिकं कालं, विनिश्चेतुं प्रसंगतः । बाह्यस्यापि हि कालस्य, निर्णयः परिभाषितः ॥ २२६ ॥ (अथ जयपराजयपरिज्ञानोपायः) को जेष्यति द्वयोर्युद्धे, इति पृच्छत्यवस्थितः । जयः पूर्वस्य पूर्णे स्याद्रिक्ते

છાયા અને પોતા માટે પોતાની છાયા, સારી રીતે પૂજા કરી ઉપયોગપૂર્વક સમ્યક્ પ્રકારે જુએ. ૨૨૦-૨૨૧. જો સંપૂર્ણ છાયા જણાય તો એક વર્ષ સુધી મરણ ન થાય, અને પગ, જંઘા તથા ઢીંચણ ન જણાય તો અનુક્રમે ત્રણ, બે, ને એક વર્ષે મરણ થાય. ૨૨૨. ઊરૂ ન જણાય તો દશ મહીને, કડિ ન જણાય તો આઠ અથવા નવ મહીને અને પેટ ન જણાય તો પાંચ અથવા છ મહીને મરણ થાય. ૨૨૩. ગ્રીવા ન જણાય તો ચાર, ત્રણ, બે યા એક મહીને મરણ થાય, કક્ષા ન જણાય તો પંદર દિવસે અને ભુજા ન જણાય તો દશ દિવસે મરણ થાય. ૨૨૪. સ્કંધ ન જણાય તો આઠ દિવસે, હૃદય ન જણાય તો ચાર પહોરે, મસ્તક ન જણાય તો બે પહોરે અને સર્વ ન જણાય તો તરતજ મરણ થાય. ૨૨૫. એ પ્રમાણે આધ્યાત્મિક કાળજ્ઞાનનો નિશ્ચય કરતાં પ્રસંગથી બાહ્ય કાળનો પણ નિર્ણય કહ્યો.૨૨૬. **(હવે જય પરાજયના જ્ઞાનનો ઉપાય કહે છે)** બેના યુદ્ધમાં કોનો જય થશે એમ પ્રશ્ન

स्यादितरस्य तु ॥ २२७ ॥ यस्त्यजेत्संचरन् वायुस्तद्रिक्तमभिधीयते । संक्रमेद्यत्र तु स्थाने, तत्पूर्णं कथितं बुधैः ॥ २२८ ॥ प्रष्टाऽऽदौ नाम चेज्ज्ञातुर्गृह्णात्यन्वातुरस्य तु । स्यादिष्टस्य तदा सिद्धिर्विपर्यासे विपर्ययः ॥२२९॥ वामबाहुस्थिते दूते, समनामाक्षरो जयेत् । दक्षिणबाहुगे त्वाजौ, विषमाक्षरनामकः ॥२३०॥ भूतादिभिर्गृहीतानां,दष्टानां वा भुजंगमैः। विधिः पूर्वोक्त एवासौ, विज्ञेयः खलु मांत्रिकैः ॥२३१॥ पूर्णा संजायते वामा, विशता वरुणेन चेत। कार्याण्यारभ्यमाणानि,तदा सिध्यन्त्यसंशयम्॥२३२॥ जयजीवितलाभादिकार्याणि निखिलान्यपि । निष्फलान्येव जायन्ते, पवने दक्षिणास्थिते ॥ २३३॥ ज्ञानी बुध्ध्वाऽनिलं सम्यक्, पुष्पं हस्तात्प्रपातयेत् । मृतजीवितविज्ञाने, ततः कुर्वीत निश्चयम्

थये छते, जो नाडी पूर्ण होय तो पहेलानो अने रिकत होय तो बीजानो जय थशे. ३२७. चालता वायुने तजवो ते रिकत कहेवाय छे अने जे स्थानमां संक्रमण करवो तेने पूर्ण कहे छे. २२८. पुछनार माणस आदिमां जो प्रथम जाणनारनु (वैद्यनु) नाम ग्रहण करे अने पछी रोगीनुं नाम ग्रहण करे तो इष्टनी सिद्धि थाय, अने विपरीत ग्रहण करे तो विपरीत थाय. २२९. युद्ध संबंधी प्रश्नमां डाबी बाजुए रही दूत पूछे तो समअक्षर नामवाळानो जय थाय, अने जमणी बाजुए रही पूछे तो विषमाक्षरवाळानो जय थाय. २३०. भूतादिकथी गृहीत अन सर्पथी डसाएलाओने माटे पण आ पूर्वोकत विधिज मंत्रीए जाणवो. २३१. जो डाबी नाडी वरुणमंडळथी पूर्ण थाय तो ते वखते आरंभेला कार्यो अवश्य सिद्ध थाय. २३२. जमणी नाडीमां जो पवन होय तो जय, जीवीत, लाभ आदि सर्व कार्यो निष्फळज थाय. २३३. ज्ञानीए सारी रीते वायु जाणीने हाथमांथी पुष्प नीचे पाडवुं, अने तेथी मरण अथवा जीवीतना ज्ञान-

॥२३४॥ त्वरितो वरुणे लाभश्चिरेण तु पुरन्दरे । जायते पवने स्वल्पः, सिद्धोऽप्यग्नौ विनश्यति ॥ २३५ ॥ आयाति वारुणे यातः, तत्रैवास्ते सुखं क्षितौ । प्रयाति पवनेऽन्यत्र, मृत इत्यनले वदेत् ॥२३६॥ दहने युद्धपृच्छायां, युद्धं भंगश्च दारुणः। मृत्युसैन्यविनाशौ वा,पवने जायते पुनः ॥ २३७ ॥ महेन्द्रे विजयो युद्धे,वारुणे वाञ्छिताधिकः। रिपुभंगेन सन्धिर्वा,स्वसिद्धिपरिसूचकः ॥२३८॥भौमे वर्षति पर्जन्यो, वारुणे तु मनोमतम्। पवने दुर्दिनांभोधौ, वह्नौ वृष्टिः कियत्यपि ॥२३९॥ वरुणे सस्यनिष्पत्तिरतिश्लाघ्या पुरन्दरे । मध्यस्था पवने च स्यान्न स्वल्पापि हुताशने

નો નિશ્ચય કરવો. ૨૩૪. **વરૂણમંડળમાં** ઉદય હોય તો તરત લાભ થાય, **પુરન્દરમંડળમાં** ઉદય હોય તો લાંબે કાળે લાભ થાય, **વાયુમંડળમાં** હોય તો થોડો લાભ અને **અગ્નિમંડળમાં** હોય તો સિદ્ધ કાર્ય પણ નાશ પામે છે.૨૩૫. **વરૂણમંડળમાં** ગએલો પાછો આવે છે,**પુરન્દરમંડળમાં** તે ત્યાંજ પૃથ્વીને વિષે સુખે રહે છે, **વાયુમંડળમાં** તે અન્યત્ર જાય છે અને **અગ્નિમંડળમાં** તે મરણ પામ્યો છે એમ કહેવું. ૨૩૬. **અગ્નિમંડળ**છતે યુદ્ધની પૃચ્છામાં યુદ્ધ થાય અને દેશનો ભયંકર ભંગ થાય. તથા **વાયુમંડળ** છતે પ્રશ્ન કરે તો મરણ અથવા સૈન્યનો વિનાશ થાય. ૨૩૭. **મહેન્દ્રમંડળ** છતે પ્રશ્ન કરે તો યુદ્ધમાં વિજય થાય, **વરૂણમંડળ** છતે ઇચ્છાકરતાં વધારે લાભ થાય, શત્રુના ભાંગવાથી સંધિ થાય એમ સ્વસિદ્ધિને તે સૂચવનાર છે. ૨૩૮. **પાર્થિવમંડળ** છતે વરસાદ સંબંધી પ્રશ્ન કરે તો વરસાદ થાય, **વરૂણમંડળ**છતે મન ઇચ્છિત વરસાદ થાય, **પવનમંડળ** છતે દુર્દિન (વરસાદ નહિ ખુલ્લો થાય) અને **અગ્નિમંડળ** છતે કેટલોક વરસાદ થાય. ૨૩૯. **વરૂણમંડળ** છતાં પ્રશ્ન કરે તો ધાન્યની ઉત્પત્તિ થાય, **પુરંન્દરમંડળ** છતાં પ્રશ્ન કરે તો ઘણી સારી ઉત્પત્તિ થાય, **પવનમંડળ**

॥ २४० ॥ महेन्द्रवरुणौ शस्तौ, गर्भप्रश्ने सुतप्रदौ । समीरदहनौ स्त्रीदौ, शून्यं गर्भस्य नाशकम् ॥२४१॥ गृहे राजकुलादौ च, प्रवेशे निर्गमेऽथवा । पूर्णाङ्गपादं पुरतः, कुर्वतः स्यादभीप्सितम् ।।२४२॥ गुरुबन्धुनृपामात्या, अन्येऽपीप्सितदायिनः। पूर्णांगे खलु कर्तव्याः, कार्यसिद्धिमभीप्सता ॥२४३॥ आसने शयने वापि, पूर्णांगे विनिवेशिताः। वशीभवन्ति कामिन्यो, न कार्मणमतःपरम् ॥२४४॥ अरिचौराधमर्णाद्या, अन्येऽप्युत्पातविग्रहाः । कर्तव्याः खलु रिक्तांगे, जयलाभसुखार्थिभिः ॥२४५॥ प्रतिपक्षप्रहारेभ्यः, पूर्णांगे योऽभिरक्षति । न तस्य रिपुभिः शक्तिर्बलिष्ठैरपि हन्यते ॥२४६॥

છતાં સાધારણ ઉત્પત્તિ થાય અને **અગ્નિમંડળ** છતાં થોડી પણ ઉત્પત્તિ ન થાય. ૨૪૦. ગર્ભ સંબંધી પ્રશ્નમાં **મહેન્દ્ર** અને **વરૂણમંડળ** શ્રેષ્ટ છે તેમાં પ્રશ્ન કર્યો હોય તો તે પુત્ર દેનાર છે,વાયુ ને **અગ્નિમંડળ** સ્ત્રી આપનાર છે, તથા **શૂન્યમંડળ** ગર્ભનો નાશ કરનાર છે. ૨૪૧. ઘરમાં અને રાજકુલાદિમાં પ્રવેશ કરતાં અથવા નીકળતાં જે નાસિકા વહન થતી હોય તે તરફનો પગ પ્રથમ આગળ કરી ચાલતાં ઇચ્છિત પ્રાપ્તિ થાય. ૨૩૨. ગુરૂ, બન્ધુ, રાજા, અમાત્ય અને બીજા પણ ઇચ્છિત આપનારાઓને કાર્યની સિદ્ધિ ઇચ્છનારાઓએ જે નાસીકા વહન થતી હોય તે તરફ કરીને બેસાડવા ૨૪૩. વાયુથી પૂર્ણ અંગ હોતે છતે આસન અથવા શયન બખતે પણ વહન થતી નાસિકા તરફ બેસાડેલી કામીનીઓ પણ વશ થાય છે, આ સિવાય બીજું વશીકરણ નથી. ૨૪૪. શત્રુ, ચોર, લેણદાર વિગેરે, અને બીજા પણ ઉત્પાત, અને વિગ્રહને જય, લાભ, અને સુખના અર્થીઓએ રિકતાંગે કરવા. ૨૪૫. શત્રુના પ્રહારોથી પોતાના પૂર્ણાંગનું જે રક્ષણ કરે છે, તેની શકિત બળવાન શત્રુઓથી પણ હણાતી નથી. ૨૪૬. ડાબી અથવા જમણી નાસિકા વહન થતી હોય તે

वहन्तीं नासिकां वामां, दक्षिणां वाऽभिसंस्थितः। पृच्छेद्यदि तदा पुत्रो, रिक्तायां तु सुता भवेत्॥२४७॥ सुषुम्णावाहभागे द्वौ, शिशू रिक्ते नपुंसकम्। संक्रान्तौ गर्भहानिः स्यात्समे क्षेममसंशयम्॥२४८॥ चन्द्रे स्त्री पुरुषः सूर्ये, मध्यभागे नपुंसकम्। प्रश्नकाले तु विज्ञेय-मिति कैश्चिन्निगद्यते ॥२४९॥(अथ पवननिश्चये उपायः)यदा न ज्ञायते सम्यक्,पवनः सञ्चरन्नपि। पीतश्वेतारुणश्यामैर्निश्चेतव्यः स बिन्दुभिः ॥२५०॥ [बिन्दुनिरीक्षणे उपायः] अंगुष्ठाभ्यां श्रुती मध्यांगुलीभ्यां नासिकापुटे। अंत्योपान्त्यांगुलीभिश्च,पिधाय वदनाम्बुजम् ॥२५१॥कोणावक्ष्णोर्निपीड्याऽऽद्यांगुलीभ्यां श्वासरोधतः। यथावर्णं निरीक्षेत, बिन्दुमव्यग्रमानसः ॥२५२॥ युग्मम्॥ पीतेन

વખતે તે સામા ઉભા રહી જો કોઈ (ગર્ભ સંબંધી) પૂછે તો કહેવું કે પુત્ર થશે અને ખાલી નાસિકા સામા ઉભા રહી પૂછે તો પુત્રી થશે એમ કહેવું. ૨૪૭. સુષુમ્ણા નાડી વખતે પૂછે તો બે બાળકનો જન્મ થાય, રિકતા નાડી વખતે પૂછે તો નપુંસકનો જન્મ થાય, નાડીની સંક્રાન્તિમાં પૂછે તો ગર્ભહાની થાય, અને તત્ત્વોદય થયા પછી પૂછે તો અવશ્ય ક્ષેમ કુશળ થાય. ૨૪૮. ગર્ભ સંબંધી પ્રશ્નવખતે ચન્દ્રનાડી હોય તો પુત્રીનો જન્મ કહેવો, સૂર્યનાડી હોય તો પુત્રનો જન્મ કહેવો, અને સુષુમ્ણા નાડી હોય તો નપુંસકનો જન્મ કહેવો. એમ કેટલાએક આચાર્યો કહે છે. ૨૪૯. (પવન નિશ્ચય કરવામાં ઉપાય કહે છે.) જયારે સમ્યક્ પ્રકારે સંચરતો પવન ન જણાય ત્યારે તેના પીત, શ્વેત, અરૂણ ને શ્યામ બિંદુઓથી નિશ્ચય કરવો. ૨૫૦. (બિંદુ જોવામાં ઉપાય.) બે અંગુઠાથી બે કાન, મધ્યની બે આંગળીઓથી નાસિકાનાં બે છિદ્ર, અન્ત્યોપાન્ત્ય આંગળીઓથી મુખ કમળ ઢાંકીને, તથા પહેલી બે આંગળીઓથી આંખના ખુણા દબાવી, શ્વાસનો રોધ કરી, અવ્યગ્રમનથી યથા વર્ણવાળા બિંદુને જોવાં. ૨૫૧–૨૫૨. પીળાબિન્દુ-

बिन्दुना भौमं, सितेन वरुणं पुनः । कृष्णेन पवनं विद्यादरुणेन हुताशनम् ॥ २५३ ॥ निरुरुत्सेद्वहन्तीं यां, वामां वा दक्षिणामथ । तदंगं पीडयेत्सद्यो, यथा नाडीतरा वहेत् ॥ २५४ ॥ अग्रे वामविभागे हि, शशिक्षेत्रं प्रचक्षते । पृष्ठे दक्षिणभागे तु, रविक्षेत्रं मनीषिणः ॥२५५॥ लाभालाभौ सुखं दुःखं, जीवितं मरणं तथा । विदन्ति विरलाः सम्यग्वायुसंचारवेदिनः ॥२५६॥ अखिलं वायुजन्मेदं, सामर्थ्यं तस्य जायते । कर्तुं नाडीविशुद्धिं यः, सम्यग्जानात्यमूढधीः ॥२५७॥ [अथ नाडीविशुद्धिमाह] नाभ्यब्जकर्णिकारूढं कलाबिन्दुपवित्रितम् । रेफाक्रान्तं स्फुरद्भासं, 'हकारं' परिचिन्तयेत् ॥२५८॥ तं ततश्च तडिद्वेगं, स्फुलिंगार्चिःशतांचितम् । रेचयेत्सूर्यमार्गेण, प्रापयेच्च नभस्तलम् ॥२५९॥ अमृतैः प्लावयन्तं तम-

थी **પાર્થિવવાયુ**, શ્વેતબિન્દુથી **વરૂણવાયુ**, કૃષ્ણબિન્દુથી **પવનવાયુ** અને રાતાબિન્દુથી **અગ્નિવાયુ** જાણવો. ૨૫૩. ડાબી યા જમણી નાડી વહન થતી હોય અને તેને રોકવાની ઇચ્છા થાય તો તે અંગને દબાવવું એટલે તરતજ બીજી નાડી વહન થશે. ૨૫૪. બુદ્ધિમાનો શરીરના ડાબા ભાગમાં આગળ ચંદ્રનું ક્ષેત્ર કહે છે અને જમણા ભાગમાં પાછળ સૂર્યક્ષેત્ર કહે છે. ૨૫૫. સારીરીતે વાયુસંચાર જાણનારા વિરલા મનુષ્યોજ લાભ, અલાભ, સુખ, દુઃખ, જીવિત અને મરણ જાણે છે. ૨૫૬. જે તિક્ષણ બુદ્ધિવાળો પુરૂષ સારી રીતે નાડી વિશુદ્ધિ કરવાનું જાણે છે તેને વાયુથી ઉત્પન્ન થતું બધું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. ૨૫૭. (**હવે નાડીની શુદ્ધિ કહે છે.**) નાભિકમળની કર્ણિકા ઉપર આરૂઢ થએલ, કળા (˘) અને બિન્દુથી (·) પવિત્ર થએલ, તથા રેફથી દબાએલ પ્રકાશમાન 'હકાર'નું ચિન્તવન કરવું. (हँ) ૨૫૮. તે પછી વિજળી સમાન વેગવાળા સેંકડો અગ્નિકણ અને જવાળાયુકત તેને (हँ ને) સૂર્યમાર્ગે રેચક કરવો અને આકાશ તળમાં પહોંચાડવો. ૨૫૯. પછી ત્યાંથી અમૃતથી ભીંજાવી ધીમે ધીમે ઉતારી

वतार्य शनैस्ततः।चन्द्राभं चन्द्रमार्गेण,नाभिपद्मे निवेशयेत्॥२६०॥ निष्क्रमं च प्रवेशं च, यथामार्गमनारतम्। कुर्वन्नेवं महाभ्यासो, नाडीशुद्धिमवाप्नुयात् ॥२६१॥ चतुर्भिः कलापकं॥ (नाडीसंचारे ज्ञानफलं) नाडीशुद्धाविति प्राज्ञः, संपन्नाभ्यासकौशलः। स्वेच्छया घटयेद्वायुं, पुटयोस्तत्क्षणादपि॥२६२॥ द्वे एव घटिके सार्धे,एकस्यामेव तिष्ठते। तामुत्सृज्यापरां नाडीमधितिष्ठति मारुतः॥२६३॥ षट्शताभ्यधिकान्याहुः,सहस्राण्येकविंशतिम्। अहोरात्रे नरि स्वस्थे, प्राणवायोर्गमागमम् ॥२६४॥मुग्धधीर्यः समीरस्य, संक्रान्तिमपि वेत्ति न। तत्त्वनिर्णयवार्त्तां स, कथं कर्तुं प्रवर्तते?॥२६५॥ पूरितं पूरकेणाधोमुखं हृत्पद्ममुन्मिषेत्। ऊर्ध्वश्रोतो भवेत्तच्च, कुंभकेन प्रबोधितम् ॥२६६॥ आक्षिप्य रेचकेणाथ, कर्षेद्वायुं हृद-

---

ચંદ્ર સમાન તેને ચન્દ્ર માર્ગે નાભીકમળમાં દાખલ કરવો. ૨૬૦. એ પ્રમાણે નિરન્તર કહેલા માર્ગે નિષ્ક્રમ અને પ્રવેશ કરતાં મહા અભ્યાસવાળો પુરૂષ નાડી શુદ્ધિ પામે છે. ૨૬૧. એ પ્રમાણે નાડી શુદ્ધિમાં અભ્યાસની કુશળતા પામેલો પ્રાજ્ઞ પુરૂષ પોતાની ઇચ્છાથી વાયુ તત્કાળ એક બીજા નસકોરામાં ઘટાવે છે. ૨૬૨. એક નાડીમાં અઢી ઘડી સુધીજ વાયુ રહે છે પછી તેને તજીને બીજી નાડીમાં રહે છે. ૨૬૩. સ્વસ્થ પુરૂષની અંદર એક અહોરાત્રિમાં એકવીસહજાર ને છસોત્તાર (૨૧૬૦૦) પ્રાણવાયુનું (શ્વાસોચ્છવાસનું) ગમનાગમન થાય છે. ૨૬૪. જે મુગ્ધ બુદ્ધિવાળો પુરૂષ વાયુના સંક્રમને પણ નથી જાણતો તે પુરૂષ તત્ત્વનિર્ણય સંબંધી વાર્તા કરવાને કેમ પ્રવર્તિ શકે? ૨૬૫. (**હવે વેધ વિધિ કહે છે.**) પૂરકથી પૂરેલું હૃદયકમળ અધોમુખવાળું થઈ સંકોચાય છે, અને કુંભકથી વિકસ્વર થઈ ઉર્ધ્વશ્રોતવાળું થાય છે. ૨૬૬. પછી રેચક વડે આક્ષેપ કરી હૃદય કમળમાંથી વાયુને ખેંચવો અને ઉર્ધ્વશ્રોત માર્ગની ગ્રંથીભેદીને બ્રહ્મપુરે

सुजात् । ऊर्ध्वश्रोतेः पथग्रन्थिं, भित्त्वा ब्रह्मपुरं नयेत् ॥२६७॥ ब्रह्मरन्ध्रान्निष्क्रमय्य,योगी कृतकुतूहलः । समाधितोऽर्कतूलेषु,वेधं कुर्याच्छनैः शनैः ॥२६८॥ मुहुस्तत्र कृताभ्यासो, मालतीमुकुलादिषु । स्थिरलक्षतया वेधं, सदा कुर्यादतन्द्रितः ॥ २६९ ॥ दृढाभ्यासस्ततः कुर्याद्वेधं वरुणवायुना । कर्पूरागरुकुष्ठादिगन्धद्रव्येषु सर्वतः॥२७०॥ एतेषु लब्धलक्षोऽथ, वायुसंयोजने पटुः। पक्षिकायेषु सूक्ष्मेषु, विदध्याद्वेधमुद्यतः॥२७१॥पतंगभृंगकायेषु, जाताभ्यासो मृगेष्वपि । अनन्यमानसो धीरः, संचरेद्विजितेन्द्रियः ॥२७२॥ नराश्वकरिकायेषु, प्रविशन्निःसरन्निति। कुर्वीत संक्रमं पुस्तोपलरूपेष्वपि क्रमात्॥ अष्टभिः कुलकम् ॥२७३॥ एवं परासुदेहेषु, प्रविशेद्वामनासया । जीवद्देहे प्रवेशस्तु,नोच्यते पापशंकया

લઇ જવો. ૨૬૭. પછી કર્યું છે કુતૂહલ જેને એવા યોગીએ બ્રહ્મરન્ધ્રથી વાયુ બહાર કાઢી સમાધિથી ધીમે ધીમે અર્કતૂલ ઉપર વેધ કરવો. ૨૬૮. વારંવાર ત્યાં અભ્યાસકરી, પછી જાઈ ચંબેલી આદિ પુષ્પો ઉપર સ્થિર લક્ષથી પ્રમાદ રહિત હમ્મેશાં વેધ કરે. ૨૬૯. તે પછી દૃઢ અભ્યાસવાળા યોગીએ વરૂણ વાયુથી કર્પૂર, અગરૂ, કુષ્ઠાદિ સુગન્ધી દ્રવ્યો પર સર્વથા વેધ કરવો. ૨૭૦. એ પદાર્થોમાં વાયુ જોડવામાં લબ્ધ લક્ષ એવો પ્રવીણ યોગી, સૂક્ષ્મ પક્ષિઓની કાયામાં વેધ કરવા ઉદ્યમ કરે. ૨૭૧. પતંગને ભમરાદિકની કાયામાં અભ્યાસ થયા બાદ, અનન્ય ચિત્તવાળો, ધીર, જિતેન્દ્રિય, મૃગોના શરીરમાં પણ સંચરે. ૨૭૨. પછી મનુષ્ય, અશ્વ અને હસ્તિની કાયામાં પ્રવેશ અને નિર્ગમન કરતાં અને પત્થરની પુતળીમાં પણ સંક્રમ કરવો. ૨૭૩. એ પ્રમાણે (મરણ પામેલા) બીજા જીવોનાં શરીરમાં ડાબી નાસિકાથી પ્રવેશ કરવો. જીવતા શરીરમાં પ્રવેશ કરવાનું પાપની શંકાથી નથી કહેતા. ૨૭૪. એમ અનુક્રમે બીજાના શરીરમાં પ્રવેશ

॥२७४॥क्रमेणैवं परपुरप्रवेशाभ्यासशक्तितः।विमुक्त इव निर्लेपः, स्वेच्छया संचरेत्सुधीः ॥२७५॥

इति श्रीहेमचन्द्राचार्यविरचिते योगशास्त्रे पञ्चमः प्रकाशः ॥५॥

॥ अथ षष्ठः प्रकाशः ॥६॥

(परपुरप्रवेशेऽपरमार्थतामाह) इह चायं परपुरप्रवेशश्चित्रमात्रकृत्। सिध्येन्न वा प्रयासेन, कालेन महतापि हि ॥ १ ॥ जित्वापि पवनं नानाकरणैः क्लेशकारणैः। नाडीप्रचारमायत्तं, विधायापि वपुर्गतम् ॥२॥ अश्रद्धेयं परपुरे, साधयित्वापि संक्रमम्। विज्ञानैकप्रसक्तस्य, मोक्षमार्गो न सिध्यति॥३॥ युग्मम् ॥ तन्नाप्नोति मनः स्वास्थ्यं,

કરવાના અભ્યાસની શકિતથી મુકતની જેમ નિર્લેપ રહીત ઇચ્છા મુજબ બુદ્ધિમાન વિચરે છે, ૨૭૫.

इति श्रीहेमचन्द्राचार्यविरचिते योगशास्त्रे पंचमप्रकाशस्य गूर्जरगिरायामनुवादः॥५॥

હવે છઠ્ઠો પ્રકાશ ૬.

(બીજાના શરીરની અંદર પ્રવેશ કરવાનું અપરમાર્થપણું કહે છે.) અહીં બીજાના શરીરમાં પ્રવેશ કરવાનું કહ્યું, તે માત્ર આશ્ચર્ય કરનારૂંજ છે, પણ તે ઘણા કાળે પ્રયાસથી સિદ્ધ થાય અથવા ન એ થાય. ૧. કલેશના કારણ એવા વિવિધ કરણોથી પવન જીતીને, શરીરની અંદરના નાડી પ્રચારને સ્વાધીન કરીને પણ. ૨. શ્રદ્ધા ન કરી શકાય એવા બીજા શરીરમાં સંક્રમ સાધોને પણ (આવા) વિજ્ઞાનમાં આસકત મનુષ્યને મોક્ષ માર્ગ સિદ્ધ થતો નથી. ૩. પ્રાણાયામથી કદર્થના પામેલું મન શાંતિ પામતું નથી,

प्राणायामैः कदर्थितम् । प्राणस्यायमने पीडा, तस्यां स्याच्चित्तविप्लवः ॥४॥ पूरणे कुंभने चैव, रेचने च परिश्रमः । चित्तसंक्लेशकरणान्मुक्तेः प्रत्यूहकारणम्॥५॥ इन्द्रियः सममाकृष्य,विषयेभ्यः प्रशान्तधीः । धर्मध्यानकृते तस्मान्मनः कुर्वीत निश्चलम् ॥ ६ ॥ नाभिहृदयनासाग्रभालभ्रूतालुदृष्टयः । मुखं कर्णौ शिरश्चेति ध्यानस्थानान्यकीर्तयन् ॥७॥ (अथ धारणाफलम्) एषामेकत्र कुत्रापि, स्थाने स्थापयतो मनः । उत्पद्यन्ते स्वसंवित्तेर्बहवः प्रत्ययाः किल॥८॥

इति श्रीहेमचन्द्रचार्यविरचिते योगशास्त्रे षष्ठः प्रकाशः ॥ ६ ॥

કેમકે પ્રાણુનો જપ કરતાં પીડા થાય અને પીડા થયે છતે ચિત્તનો વિપ્લવ થાય છે, ૪. પૂરણ કુંભન અને રેચન કરવામાંજ પરીશ્રમ પડે છે. તે પરિશ્રમ ચિત્તને સંકલેશ કરનાર હોવાથી મુક્તિને વિઘ્નભૂત છે. ૫. તેથી પ્રશાન્ત બુદ્ધિવાળાએ ઇન્દ્રિઓ સહિત મન વિષયોથી ખેંચી લઇ ધમધ્યાન કરવામાટે મનને નિશ્ચળ કરવું. ૬. નાભિ, હ્રદય નાસાગ્ર, કપાળ, ભ્રકુટી, તાળુ નેત્ર, મુખ, કાન અને મસ્તક એ ધ્યાન કરવાના સ્થાનો કહ્યાં છે. (હવે ધારણાનું ફલ કહે છે.) એમના કોઈ પણ એક સ્થાનકમાં મનને સ્થિર નિશ્ચ ઘણા પ્રત્યયો સ્વસંવિત્તિથી ઉત્પન્ન થાય છે. ૮.

इति श्रीहेमचन्द्राचार्यविरचिते योगशास्त्रे षष्ठप्रकाशस्य गूर्जरगिरायामनुवादः ६.

॥ अथ सप्तमः प्रकाशः ॥७॥

(ध्यातृक्रमः) ध्यानं विधित्सता ज्ञेयं, ध्याता ध्येयं तथा फलम् । सिध्यन्ति न हि सामग्रीं, विना कार्याणि कर्हिचित्॥१॥ (ध्यातस्वरूपं) अमुञ्चन् प्राणनाशेऽपि, संयमैकधुरीणताम् । परमप्यात्मवत् पश्यन्, स्वस्वरूपापरिच्युतः ॥ २ ॥ उपतापमसंप्राप्तः, शीतवातातपादिभिः । पिपासुरमरीकारियोगामृतरसायनम् ॥३॥ रागादिभिरनाक्रान्तं,क्रोधादिभिरदूषितम्। आत्मारामं मनःकुर्वन्, निर्लेपः सर्वकर्मसु ॥ ४ ॥ विरतः कामभोगेभ्यः, स्वशरीरेऽपि निःस्पृहः। संवेगह्रदनिर्भग्नः, सर्वत्र समतां श्रयन् ॥ ५ ॥ नरेन्द्रे वा दरिद्रे वा, तुल्यकल्याणकामनः । अमात्रकरुणापात्रं, भवसौख्यपराङ्मुखः ॥ ६ ॥ सुमेरुरिव निष्कंपः, शशीवानन्ददायकः ।

હવે સાતમો પ્રકાશ ૭.

(હવે ધ્યાન ધરનારનો ક્રમ કહે છે.) ધ્યાન કરવાને ઈચ્છનારાએ, ધ્યાતા, ધ્યેય અને ફળ જાણવું જોઈએ કેમકે સામગ્રી વિના કદીપણ કાર્યો સિદ્ધ થતાં નથી.૧.(હવે ધ્યાન ધરનારનું સ્વરૂપ કહે છે.) પ્રાણનો નાશ થાય તોપણ સમયમાં શ્રેષ્ટતા ન મુકનાર, બીજાને પણ પોતાના આત્માની જેમ જોનાર, અને પોતાના સ્વરૂપથી નહિ ભ્રષ્ટ થનાર. ૨.શીત, વાત અને આતપાદિકથી ખેદને નહિ પામનાર, અજરામર કરનાર યોગરૂપી અમૃત રસાયણ પીવાને ઈચ્છનાર. ૩. રાગાદિથી નહિ દબાએલ, ક્રોધાદિથી અદૂષિત, મનને આત્મારામમાં કરનાર, સર્વ કાર્યોમાં નિર્લેપ. ૪. કામભોગોથી વિરામ પામેલ, પોતાના શરીરમાં પણ નિસ્પૃહ, સંવેગ રૂપી દ્રહમાં નિમગ્ન, સર્વત્ર સમતાનો આશ્રય કરનાર. ૫. રાજા અથવા રંકમાં સમાન કલ્યાણ ઈચ્છનાર, સવ ઉપર અનહદ દયા કરનાર, સંસારના સુખથી પરાઙ્મુખ. ૬. મેરૂની પેઠે નિષ્કંપ, ચંદ્રની પેઠે

समीर इव निःसंगः, सुधीर्ध्याता प्रशस्यते ॥७॥ षड्भिः कुलकं॥ (अथ ध्येयस्वरूपं) पिंडस्थं च पदस्थं च, रूपस्थं रूपवर्जितम्। चतुर्धा ध्येयमाम्नातं, ध्यानस्यालंबनं बुधैः ॥८॥ (धारणाप्रकारः) पार्थिवी स्यादथाग्नेयी मारुती वारुणी तथा। तत्त्वभूः पञ्चमी चेति, पिंडस्थे पञ्च धारणाः ॥ ९. ॥ (पार्थिवीधारणास्वरूपं) तिर्यग्लोकसमं ध्यायेत्, क्षीराब्धिं तत्र चांबुजम्। सहस्रपत्रं स्वर्णाभं, जंबूद्वीपसमं स्मरेत् ॥१०॥ तत्केसरततेरन्तः,स्फुरत्पिंगप्रभांचिताम्। स्वर्णाचलप्रमाणां च, कर्णिकां परिचिन्तयेत् ॥११॥ श्वेतसिंहासनासीनं, कर्मनिर्मूलनोद्यतम्। आत्मानं चिन्तयेत्तत्र, पार्थिवी धारणेत्यसौ ॥१२॥ त्रिभिर्विशेषकं ॥ (आग्नेयीधारणास्वरूपं) विचिन्तयेत्तथा नाभौ, कमलं षोडशच्छदम्। कर्णिकायां महामंत्रं, प्रति-

---

આનન્દ આપનાર. વાયુની પેઠે સંગરહિત એવો બુદ્ધિમાન ધ્યાતા વખાણવા યોગ્ય છે. ૭. (હવે ધ્યેયનું સ્વરૂપ કહે છે.) 'પિંડસ્થ' 'પદસ્થ,' 'રૂપસ્થ' અને 'રૂપાતિત' આ ચાર પ્રકારના ધ્યેય, ધ્યાનના આલંબન ભૂત પંડિતોએ માનેલું છે. ૮. (હવે ધારણાના ભેદ કહે છે.) 'પાર્થિવી,' 'આગ્નેયી,' 'મારૂતી''વારૂણી' તથા પાંચમી 'તત્ત્વભૂ' આ પાંચ ધારણાઓ 'પિંડસ્થ' ધ્યાનમાં હોય છે. ૯. (હવે દરેક ધારણાનું સ્વરૂપ કહે છે.) તિર્યગ્લોક જેવડો ક્ષીરસમુદ્ર ચિન્તવવો અને તેમાં જંબુદ્વીપ જેવડું હજાર પાંખડીવાળું સુવર્ણ જેવી કાન્તિવાળું કમળ ચિન્તવવું. ૧૦. તે કમળના કેસરાની પંકિતની અન્દર પ્રકાશમાન પીળી પ્રભાવાળી, મેરૂના જેટલા પ્રમાણવાળી કર્ણિકા ચિન્તવવી. ૧૧. તેપર શ્વેત સિંહાસનપર બેઠેલા, કર્મ નિર્મૂળ કરવાને યત્ન કરતા, પોતાના આત્માને ચિન્તવવો. આ 'પાર્થિવી ધારણા' કહેવાય છે. ૧૨. (હવે આગ્નેયી ધારણાનું સ્વરૂપ કહે છે.) તથા નાભિની અંદર સોળ

पत्रं स्वरावलीम् ॥१३॥ रेफाबिंदुकलाक्रान्तं, महामंत्रे यदक्षरम् । तस्य रेफाद्विनिर्यान्तीं, शनैर्धूमशिखां स्मरेत् ॥१४॥ स्फुलिंगसन्ततिं ध्यायेत्, ज्वालामालामनन्तरम् । ततो ज्वालाकलापेन, दहेत् पद्मं हृदि स्थितम्॥१५॥ तदष्टकर्मनिर्माणमष्टपत्रमधोमुखम्। दहत्येव महामंत्रध्यानोत्थः प्रबलानलः ॥१६॥ ततो देहाद् बहिर्ध्यायेत्, त्र्यस्रं वह्निपुरं ज्वलत् । लाञ्छितं स्वस्तिकेनान्ते, वह्निबीजसमन्वितं॥१७॥ देहं पद्मं च मंत्रार्चिरन्तर्वह्निपुरं बहिः । कृत्वाशु भस्मसाच्छाम्येत्, स्यादाग्नेयीति धारणा॥१८॥ षड्भिः कुलकम् ॥ [अथ मारुतीधारणास्वरूपं] ततस्त्रिभुवनाभोगं, पूरयन्तं समीरणम् । चालयन्तं गिरीनब्धीन्, क्षोभयन्तं विचिन्त-

---

પાંખડીવાળું કમળ ચિન્તવવું, તેની કર્ણિકામાં 'अर्हं' મહા મંત્ર અને બીજા દરેક પત્રે સ્વરની પંક્તિ સ્થાપવી. ૧૩. રેફ બિંદુ ને કળા યુક્ત મહામંત્રમાં જો "ह्रं" અક્ષર છે તેના રેફમાંથી ધીમે ધીમે નિકળતી ધૂમ્ર શિખા ચિન્તવવી. ૧૪. તેમાંથી અગ્નિ કણુની સંતતિ ચિંતવવી, તે પછી અનેક જવાળાઓ ચિન્તવવી. તે જવાળાઓના સમૂહથી હૃદયમાં રહેલું કમળ બાળવું. ૧૫. તે આઠ કર્મની રચનાવાળા આઠ પત્રયુકત અધો મુખવાળાં કમળને મહામંત્રના ધ્યાનથી ઉત્પન્ન થએલો અગ્નિ બાળીજ નાખે છે. ૧૬. તે પછી શરીરની બહાર ત્રણ ખુણાવાળો સળગતો અગ્નિકુંડ ચિન્તવવો તે અન્તે સ્વસ્તિક લાંછિત અને અગ્નિબીજ થી યુકત ચિન્તવવો. ૧૭. મહામંત્રના ધ્યાનથી થએલા અગ્નિ વડે અને વહ્નિપૂરની જવાળા વડે તરતજ શરીર અને કમળને બાળી ભસ્મસાત્ કરી શાન્ત થવું. તે **'આગ્નેયી ધારણા'** છે. ૧૮. **(હવે મારૂતી ધારણાનું સ્વરૂપ કહે છે.)** તે પછી ત્રણ ભુવનના વિસ્તારને પૂરતા, પર્વતોને ચળાયમાન કરતા અને સમુદ્રને ક્ષોભ પમાડતા વાયુને ચિન્તવવો. ૧૯. તે ભસ્મરજને તે વાયુવડે શીઘ્ર

येत् ॥१९॥ तच्च भस्मरजस्तेन, शीघ्रमुद्धूय वायुना । दृढाभ्यासः प्रशान्तिं तमानयेदिति मारुती ॥२०॥ युग्मम् ॥ [अथ वारूणीधारणास्वरूपं] स्मरेत्वर्षत्सुधासारैर्घनमालाकुलं नभः । ततोऽर्धेन्दुसमाक्रान्तं, मंडलं वरुणांकितम् ॥२१॥ नभस्तलं सुधांभोभिः, प्लावयेत्तत्पुरं ततः । तद्रजः कायसंभूतं, क्षालयेदिति वारुणी ॥२२॥ युग्मम् ॥ [अथ तत्त्वधारणास्वरूपं]सप्तधातुविनाभूतं, पूर्णेन्दुविशदद्युतिम् । सर्वज्ञकल्पमात्मानं, शुद्धबुद्धिः स्मरेत्ततः ॥२३॥ ततः सिंहासनारूढं, सर्वातिशयभासुरम् । विध्वस्ताशेषकर्माणं, कल्याणमहिमान्वितम् ॥ २४ ॥ स्वांगगर्भे निराकारं, संस्मरेदिति तत्त्वभूः । साभ्यास इति पिंडस्थे, योगी शिवसुखं भजेत् ॥२५॥ त्रिभिर्विशेषकम् ॥ [अथ पिण्डस्थमाहात्म्यं] अ-

---

ઉડાડી દ્રઢ અભ્યાસવાળાએ તે વાયુને શાન્તિ પમાડવો એ 'મારૂતી' ધારણા જાણવી. ૨૦. (હવે **વારૂણી ધારણાનું સ્વરૂપ કહે** છે.) અમૃત સમાન વરસાદ વરસતું, મેઘ માળાથી વ્યાપ્ત એવા આકાશને સ્મરણ કરવું. તે પછી અર્ધ ચન્દ્રાકાર યુકત વરૂણ બીજ સહિત મંડળ ચિન્તવવું ૨૧. તે પછી તે અમૃત સમાન પાણીથી આકાશતલને પ્લાવિત કરે અને પછી કાયાથાં ઉત્પન્ન થએલી રજ અને ભસ્મ ધોઇ નાખે એ 'વારૂણી' ધારણા છે. ૨૨. (હવે તત્વભૂ **ધારણાનું સ્વરૂપ** કહે છે.)તે પછી શુદ્ધ બુદ્ધિવાળાએ સપ્ત ધાતુ રહિત, પૂર્ણ ચંદ્ર સમાન નિર્મળ કાન્તિયુકત સર્વજ્ઞ સમાન પોતાના આત્માને સ્મરે. ૨૩. તે પછી સિંહાસન ઉપર આરૂઢ થએલા, સર્વ અતિશયોથી દેદીપ્યમાન, સર્વ કર્મનો નાશ કરનાર, કલ્યાણના મહિમાએ યુકત. ૨૪. પોતાના શરીરમાં નિરાકાર આત્માને સ્મરે એ **તત્વભૂ ધારણા જાણવી.** એ પ્રમાણે પિંડસ્થ ધ્યાનમાં અભ્યાસવાળો યોગી મોક્ષ સુખ પામે છે, ૨૫. (હવે પિંડ-

भ्रान्तमिति पिंडस्थे, कृताभ्यासस्य योगिनः । प्रभवन्ति न दुर्विद्यामंत्रमंडलशक्तयः ॥२६॥ शाकिन्यः क्षुद्रयोगिन्यः, पिशाचाः पिशिताशनाः । त्रस्यन्ति तत्क्षणादेव, तस्य तेजोऽसहिष्णवः ॥२७॥ दुष्टाः करटिनः सिंहाः, शरभाः पन्नगा अपि । जिघांसवोऽपि तिष्ठन्ति, स्तंभिता इव दूरतः ॥२८॥

इति श्रीहेमचन्द्राचार्यविरचिते योगशास्त्रे सप्तमः प्रकाशः ॥७॥

॥ अथ अष्टमः प्रकाशः ॥८॥

[अथ पदस्थध्येयस्वरूपं] यत्पदानि पवित्राणि, समालम्ब्य विधीयते । तत्पदस्थं समाख्यातं, ध्यानं सिद्धान्तपारगैः ॥१॥ तत्र षो-

---

સ્થ ધ્યેયનું મહાત્મ્ય કહે છે.) આ પ્રમાણે પિંડસ્થ ધ્યાનમાં નિરન્તર અભ્યાસ કરનાર યોગીને દુષ્ટવિદ્યા, મંત્ર, મંડળ અને શકિતઓ પરાભવ કરી શકતા નથી. ૨૬. શાકિનીઓ, નીચ યોગીનીઓ, અને માંસ ભક્ષણ કરનારા પિશાચો તેમના તેજને સહન ન કરતા તરતજ ત્રાસ પામે છે. ૨૭. દુષ્ટ હાથીઓ, સિંહો, અષ્ટાપદો અને સર્પો જે મારવાની ઇચ્છાવાળા છે તે પણ સ્તંભિત થએલાની જેમ દૂરથીજ ઉભા રહે છે. ૨૮.

इति श्रीहेमचन्द्राचार्यविरचिते योगशास्त्रे सप्तमप्रकाशस्य गूर्जरगिरायामनुवादः ७

હવે આઠમો પ્રકાશ ૮.

(હવે પદસ્થ ધ્યેયનું સ્વરૂપ કહે છે.) જે પવિત્ર પદોનું અવલંબન કરીને ધ્યાન કરાય તેને સિદ્ધાન્ત પારગામી પુરૂષોએ પદસ્થ ધ્યાન કહ્યું છે. ૧. નાભિકન્દ ઉપર

डशपत्राब्जे, नाभिकन्दगतेऽम्बुजे । स्वरमालां यथापत्रं, भ्रमन्तीं परिचिन्तयेत् ॥२॥ चतुर्विंशतिपत्रं च, हृदि पद्मं सकर्णिकम् । वर्णान् यथाक्रमं तत्र, चिन्तयेत् पञ्चविंशतिम् ॥३॥ वक्त्राब्जेऽष्टदले वर्णाष्टकमन्यत्ततः स्मरेत् । संस्मरन्मातृकामेवं, स्याच्छ्रुतज्ञान-पारगः ॥४॥ (अथ पदस्थध्येयफलं) ध्यायतोऽनादिसंसिद्धान्, वर्णानेतान् यथाविधि । नष्टादिविषये ज्ञानं, ध्यातुरुत्पद्यते क्षणात् ॥५॥ (अथ प्रकारान्तरेण पादमयीदेवतास्वरूपं) अथवा नाभि-कन्दाधः, पद्ममष्टदलं स्मरेत् । स्वरालीकेसरं रम्यं, वर्गाष्टकयुतै-र्दलैः ॥६॥ दलसन्धिषु सर्वेषु, सिद्धस्तुतिविराजितम् । दलाग्रेषु समग्रेषु, मायाप्रणवपावितम् ॥७॥ तस्यान्तरन्तिमं वर्णमाद्यवर्णपुरस्कृ-

---

રહેલા સોળપત્રવાળા કમળની અંદર દરેક પત્ર ઉપર ભ્રમણ કરતી સ્વરની પંકિત ચિન્તવવી. ૨. હૃદયમાં કરેલા ચોવીસ પત્રવાળા અને કર્ણિકા યુકત કમળમાં અનુક્રમે પચીસ વર્ણો (क થી म સુધી) ચિન્તવવા. ૩. તે પછી મુખ કમળમાં આઠપત્રવાળા કમળની અન્દર બાકીના આઠ વર્ણો (य, र, ल, व, श, ष, स, ह,) ચિન્તવવા. આ પ્રમાણે માતૃકાનું સ્મરણ કરતાં શ્રુતપારગામી થાય. ૪. (**હવે પદસ્થ ધ્યેયનું ફલ કહે છે**) અનાદિસિદ્ધ એવા આ વર્ણોનું યથાવિધિ ધ્યાન કરતાં, ધ્યાન કરનારને થોડાકાળમાં નષ્ટાદિ સંબંધી (ગયું, આવ્યું, થયું, થવાનું, જીવિત, મરણાદિ સંબંધિ) જ્ઞાન ઉત્પન્ન થાય છે. ૫. (**હવે પ્રકારાન્તરથી પાદમયી દેવતાને ધ્યેયપણાએ કરીને દેખાડે છે.**) અથવા નાભિકન્દની નીચે આઠ વર્ગોના (अ, क, च, ट, त, प, य, श,) અક્ષરવાળા આઠ પાંદડાએ સહિત, સ્વરની પંકિત સહિત કેસરાવાળું મનોહર એવું આઠ પાંખડીવાળું કમળ ચિંતવે. ૬. સર્વ પત્રોની સન્ધિઓમાં સિદ્ધ પુરૂષાની સ્તુતિથી શોભીત કરવું, અને સર્વ પત્રના અગ્ર ભાગમાં માયા અને પ્રણવથી (ॐ ह्रीं) પવિત્ર કરવું. ૭. તે કમળો મધ્યમાં રેફથી

सम्।रेफाक्रान्तं कलाबिन्दुरम्यं प्रालेयनिर्मलम् ॥८॥ अर्हमित्यक्षरं प्राणप्रान्तसंस्पर्शि पावनम् । ह्रस्वं दीर्घं प्लुतं सूक्ष्ममतिसूक्ष्मं ततः परम् ॥९॥ ग्रन्थीन् विदारयन्नाभिकंठहृद्घंटीकादिकान् । सुसूक्ष्मध्वनिना मध्यमार्गयायि स्मरेत्ततः ॥१०॥ अथ तस्यान्तरात्मानं, प्लाव्यमानं विचिन्तयेत् । बिन्दुतप्तकलानिर्यत्क्षीरं गौरामृतोर्मिभिः ॥११॥ ततः सुधासरःसूतषोडशाब्जदलोदरे । आत्मानं न्यस्य पत्रेषु, विद्यादेवीश्च षोडश ॥ १२ ॥ स्फुरत्स्फटिकभृंगारक्षरत्क्षीरसितामृतैः । आभिराप्लाव्यमानं स्वं, चिरं चित्ते विचिन्तयेत् ॥१३॥ अथास्य मंत्रराजस्याभिधेयं परमेष्ठिनम् । अर्हन्तं मूर्धनि ध्यायेत, शुद्धस्फटिकनिर्मलम्॥१४॥ तद्ध्यानावेशतः सोऽहं, सोऽहमित्यालपन्मुहुः । निःशंकमेकतां विद्यादात्मनः पर-

(र्) આક્રાન્ત, કળાબિન્દુથી (ં) રમ્ય, બરફ જેવા નિર્મળ આદ્યવર્ણ (अ) યુકત અન્ત્યવર્ણ (ह) સ્થાપવો. ૮. 'अर्हं' એ પદ પ્રાણપ્રાન્તને સ્પર્શ કરનારને પવિત્ર થયેલું, હ્રસ્વ, દીર્ઘ, પ્લુત, સૂક્ષ્મ અને અતિ સૂક્ષ્મ એવો ત્યાર પછી ઉચ્ચાર થશે. ૯. તે પછી નાભીની, કંઠની, ને હૃદયની ઘંટીકાદિ ગ્રંથીઓને અતિ સૂક્ષ્મ ધ્વનીવડે વિદારણ કરતો મધ્યમાર્ગેથી ચાલ્યો જતો ચિન્તવવો. ૧૦: પછી બીન્દુથી તપેલી કળામાંથી નિકળતા દુધ જેવા ગૌર અમૃતના કલ્લોલોથી અન્તરાત્માને ભીંજાવતો તેને ચિન્તવવો. ૧૧. પછી અમૃત સરોવરમાં થએલા સોળ પાંખડીવાળા (સોળ સ્વરવાળા) કમળના મધ્યમાં આત્માને સ્થાપીને તેમાં સોળ વિદ્યાદેવીઓ સ્થાપવી. ૧૨. દેદીપ્યમાન સ્ફટિકના કુંભમાંથી ઝરતા દુધ જેવાશ્વેત અમૃત વડે પોતાને લાંબા કાળ સુધી સિંચાતો ચિત્તમાં ચિન્તવવો. ૧૩. આ મંત્રાધિરાજના અભિધેય, શુદ્ધ સ્ફટિક જેવા નિર્મળ, પરમેષ્ટિ અર્હન્તનું મસ્તકમાં ધ્યાન કરવું. ૧૪. તે ધ્યાનના આવેશથી 'सोऽहं' 'सोऽहं' એમ વારંવાર બોલતાં નિઃશંકપણે

त्मना ॥१५॥ ततो नीरागमद्वेषममोहं सर्वदर्शिनम्। सुरार्च्यं समवसृतौ, कुर्वन्तं धर्मदेशनाम् ॥१६॥ ध्यायन्नात्मानमेवेत्थमभिन्नं परमात्मना। लभते परमात्मत्वं, ध्यानी निर्धूतकल्मषः॥१७॥ द्वादशभिः कुलकम् ॥ (अथ पञ्चमयीदेवतास्वरूपं) यद्वा मंत्राधिपं धीमानूर्ध्वाधोरेफसंयुतम्। कलाबिन्दुसमाक्रान्तमनाहतयुतं तथा ॥ १८ ॥ कनकांभोजगर्भस्थं, सान्द्रचन्द्रांशुनिर्मलम्। गगने संचरन्तं च, व्याप्नुवन्तं दिशः स्मरेत् ॥१९॥ ततो विशन्तं वक्त्राब्जे, भ्रमन्तं भ्रूलतान्तरे। स्फुरन्तं नेत्रपत्रेषु, तिष्ठन्तं भालमंडले ॥ २० ॥ निर्यान्तं तालुरन्ध्रेण, श्रवन्तं च सुधारसं। स्पर्धमानं शशांकेन, स्फुरन्तं ज्योतिरन्तरम्॥२१॥ संचरन्तं नभोभागे, योजयन्तं शिवश्रिया। सर्वावयवसंपूर्णं, कुंभकेन विचिन्त-

---

આત્માની પરમાત્મા સાથે એકતા જાણવી. ૧૫. તે પછી અરાગી, અદ્વેષિ, અમોહી, સર્વદર્શી, દેવોને પૂજવા યોગ્ય, સમવસરણમાં ધર્મદેશના કરતા આત્માને પરમાત્માથી અભિન્નપણે ચિન્તવવો. તેથી કર્મ રહિત ધ્યાની પરમાત્માપણાને પામે છે. ૧૬. ૧૭.

(હવે પંચમયીદેવતાનું સ્વરૂપ કહે છે.) અથવા બુદ્ધિમાન પુરૂષે મંત્રાધિપને ઉપર અને નીચે રેફયુકત, કળા અને બિંદુથી દબાએલ તથા અનાહતસહિત. ૧૮. સુવર્ણકમળના મધ્યમાં રહેલ, ગાઢચન્દ્રકિરણોની જેમ નિર્મળ, આકાશમાં સંચરતો અને દિશાઓને વ્યાપ્ત કરતો ચિન્તવવો. ૧૯. તે પછી, મુખકમળમાં પ્રવેશ કરતો, ભ્રૂકુટીમાં ભ્રમણ કરતો, નેત્રપત્રોમાં સ્ફુરાયમાન થતો, ભાલમંડળમાં સ્થિર રહેતો. ૨૦. તાળુના છિદ્રમાંથી નિકળતો, અમૃતરસને ઝરતો, ચન્દ્ર સાથે સ્પર્ધા કરતો અને જ્યોતિષમંડળમાં સ્ફુરાયમાન થતો. ૨૧. આકાશ ભાગમાં સંચાર કરતો, મોક્ષલક્ષ્મી સાથે જોડાતો, સર્વઅવયવોથી પૂર્ણ (મન્ત્રાધિરાજ) કુંભકવડે ચિન્તવવો. ૨૨. "अ" જેવી

येत् ॥२२॥ पञ्चभिः कुलकम् ॥ अकारादि हकारान्तं, रेफमध्यं सबिन्दुकम् । तदेव परमं तत्त्वं, यो जानाति स तत्त्ववित् ॥२३॥ [अथ मन्त्राधिराजफलं] महातत्त्वमिदं योगी, यदैव ध्यायति स्थिरः। तदैवानन्दसंपद्भूर्मुक्तिश्रीरुपतिष्ठते ॥ २४ ॥ रेफबिन्दुकलाहीनं, शुभ्रं ध्यायेत्ततोऽक्षरम् । ततोऽनक्षरतां प्राप्तमनुच्चार्यं विचिन्तयेत् ॥२५॥ निशाकरकलाकारं, सूक्ष्मं भास्करभास्वरम् । अनाहताभिधं देवं, विस्फुरन्तं विचिन्तयेत् ॥२६॥ तदेव च क्रमात्सूक्ष्मं, ध्यायेद्वालाग्रसन्निभं । क्षणमव्यक्तमीक्षेत, जगज्ज्योतिर्मयं ततः ॥२७॥ प्रच्याव्य मानसं लक्ष्यादलक्ष्ये दधतः स्थिरम् । ज्योतिरक्षयमत्यक्षमन्तरुन्मीलति क्रमात् ॥२८॥ इति लक्ष्यं समालम्ब्य, लक्ष्याभावः प्रकाशितः । निषण्णमनसस्तत्र, सिध्यत्यभिमतं मुनेः ॥२९॥ (प्रण-

---

આદિમાં છે અને "ह" જેની અન્તમાં છે, તથા 'બિન્દુ' સહિત 'રેફ' જેની મધ્યમાં છે. (अर्हं) તેજ પરમતત્ત્વ છે. તેને જે જાણે છે તેજ તત્ત્વજ્ઞ છે. ૨૩. (**હવે મંત્રના અધિપતિનું ફલ કહે છે.**) સ્થિર થઇને યોગી જ્યારે આ મહાતત્ત્વને ધ્યાવે છે, ત્યારે આનન્દ અને સંપત્તિની ભૂમિ રૂપ મોક્ષ લક્ષ્મી તેની પાસે આવી ઉભી રહે છે. ૨૪. રેફ, બિન્દુ અને કળાથી રહિત શુભ્ર (ह) અક્ષરનું ધ્યાન કરે છે પછી તેજ અક્ષર જે અનક્ષરતા પામેલો અને બોલી ન શકાય તેવો ચિન્તવવો. ૨૫. ચન્દ્રમાની કળાના જેવા સૂક્ષ્મઆકારવાળા અને સૂર્ય જેવા પ્રકાશમાન અનાહત નામના દેવને સ્ફુરાયમાન થતો ચિન્તવવો. ૨૬. પછી તેનેજ અનુક્રમે વાળના અગ્રભાગ જેવો સૂક્ષ્મ ચિન્તવવો. તે પછી ક્ષણુવાર જગતને અવ્યકત જ્યોતિષવાળું જોવું. ૨૭. લક્ષ્યથી મન ખસેડીને અલક્ષ્યમાં સ્થિર કરતા અનુક્રમે અક્ષય, ઇન્દ્રિઓથી અગોચર એવી અંદર જ્યોતિ પ્રગટ થાય છે. ૨૮. આ પ્રમાણે લક્ષ્યનું આલંબન કરી અલક્ષ્ય ભાવ પ્રકાશિત કર્યો, તેમાં નિશ્ચળ મનવાળા યોગીનું ઇચ્છિત સિદ્ધ થાય છે. ૨૯. (પ્રણવનું ધ્યાન) તથા હૃદય કમળના મધ્યમાં

मध्यानमाह) तथा हृत्पद्ममध्यस्थं, शब्दब्रह्मैककारणम्। स्वरव्यञ्जनसंवीतं, वाचकं परमेष्ठिनः ॥३०॥ मूर्धसंस्थितशीतांशुकलामृतरसप्लुतम्। कुंभकेन महामंत्रं, प्रणवं परिचिन्तयेत् ॥३१॥ पीतं स्तंभेऽरुणं वश्ये, क्षोभणे विद्रुमप्रभम्। कृष्णं विद्वेषणे ध्यायेत्, कर्मघाते शशिप्रभं ॥३२॥ [पञ्चपरमेष्ठिमंत्रः] तथा पुण्यतमं मंत्रं, जगत्त्रितयपावनम्। योगी पञ्चपरमेष्ठिनमस्कारं विचिन्तयेत्॥३३॥ अष्टपत्रे सितांभोजे, कर्णिकायां कृतस्थितिम्। आद्यं सप्ताक्षरं मंत्रं, पवित्रं चिन्तयेत्ततः ॥ ३४ ॥ सिद्धादिकं चतुष्कं च, दिक्पत्रेषु यथाक्रमम्। चूलापादचतुष्कं च, विदिक्पत्रेषु चिन्तयेत् ॥३५॥ त्रिशुद्ध्या चिन्तयंस्तस्य, शतमष्टोत्तरं मुनिः। भुञ्जानोऽपि लभेतैव, चतुर्थतपसः फलम् ॥३६॥ एनमेव महामंत्रं, समाराध्येह योगिनः।

રહેલો શબ્દ બ્રહ્મના એક કારણરૂપ સ્વર અને વ્યંજન સહિત, પરમેષ્ઠિપદનો વાચક. ૩૦. અને મસ્તકમાં રહેલ ચન્દ્રકળામાંથી ઝરતા અમૃતરસથી ભીંજાએલ મહામંત્રપ્રણવને (ॐ) કુંભકથી ચિન્તવવો. ૩૧. સ્તંભન કરવામાં પીળું, વશીકરણ કરવામાં રાતું ક્ષોભકરવામાં પરવાળાની કાંતિ જેવા, વિદ્વેષમાં કાળું અને કર્મનો ઘાત કરવામાં ચન્દ્રની કાન્તિ જેવા 'ૐકારનું' ધ્યાન કરવું. ૩૨. ત્રણ જગતને પવિત્ર કરનાર, અતિ પવિત્ર પંચપરમેષ્ઠિનમસ્કારમંત્રને યોગીએ ચિન્તવવો. ૩૩. આઠપત્રવાળા શ્વેતકમળમાં કર્ણિકાની અંદર રહેલો પહેલો સાત અક્ષરનો પવિત્રમંત્ર (નમો અરિહંતાણં) ચિન્તવવો. તેવાર પછી સિદ્ધાદિક ચાર પદ અનુક્રમે ચારે દિશાઓના પાંદડામાં અને ચૂલિકાના ચાર પદ વિદિશાના (અગ્નીઆદિકખુણાના) પાંદડામાં ચિન્તવવા. ૩૪–૩૫. ત્રણ શુદ્ધિથી એકસો આઠવાર તે મંત્રનું ચિન્તન કરનાર મુનિ આહાર કરે તો પણ એક ઉપવાસનું ફળ પામે. ૩૬. આજ મહામંત્રને આ લોકમાં સારી રીતે આરાધીને

त्रिलोक्यापि महीयन्तेऽधिगताः परमां श्रियम्॥३७॥कृत्वा पापसहस्राणि, हत्वा जन्तुशतानि च। अमुं मंत्रं समाराध्य, तिर्यञ्चोऽपि दिवं गताः ॥३८॥ (पञ्चपरमेष्ठिविद्यास्वरूपं) गुरुपञ्चकनामोत्था, विद्या स्यात् षोडशाक्षरी। जपन् शतद्वयं तस्याश्चतुर्थस्याप्नुयात्फलम् ॥३९॥ शतानि त्रीणि षड्वर्णं, चत्वारि चतुरक्षरम्। पञ्चवर्णं जपन् योगी, चतुर्थफलमश्नुते ॥४०॥ प्रवृत्तिहेतुरेवैतदमीषां कथितं फलम्। फलं स्वर्गापवर्गौ तु, वदन्ति परमार्थतः॥४१॥ पञ्चवर्णमयी पञ्चतत्त्वविद्योध्धृता श्रुतात्। अभ्यस्यमाना सततं, भवक्लेशं निरस्यति॥४२॥मंगलोत्तमशरणपदान्यव्यग्रमानसः।चतुःसमाश्रयाण्येव, स्मरन्मोक्षं प्रपद्यते॥४३॥[पञ्चदशाक्षरीविद्याध्यानं]

યોગીઓ પરમલક્ષ્મીને પામીને ત્રણે લોકમાં પૂજાય છે. ૩૭. હજારે પાપ કરીને તથા સેંકડો જીવો મારીને તિર્યંચો પણ આ મંત્રનું સમ્યગ્ આરાધન કરીને દેવલોકમાં ગયા છે. ૩૮. (પંચપરમેષ્ઠિવિદ્યા) ગુરૂપંચકના નામથી ઉત્પન્ન થએલી સોળઅક્ષરની વિદ્યા છે (अरिहंत सिद्ध आयरिय उवज्झाय साहु) તેનો બસોવાર જાપ કરતાં ઉપવાસનું ફળ પ્રાપ્ત થાય છે. ૩૯. (अरहंत सिद्ध) ષડક્ષરી વિદ્યા ત્રણસોવાર (अरहंत) ચતુરક્ષરી ચારસોવાર અને (असिआउसा) પંચાક્ષરી પાંચસોવાર જપનાર યોગી ઉપવાસનું ફળ પામે છે. ૪૦. આ તો વિદ્યાઓનું ફળ પ્રવૃત્તિનું કારણ કહ્યું છે, પણ પરમાર્થથી તો તેનું ફળ સ્વર્ગ અને મોક્ષ છે એમ પંડિતો કહે છે. ૪૧. શ્રુતમાંથી ઉદ્ધરેલી (असिआउसा) પંચવર્ણમયી (ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः પંચ તત્ત્વ વિદ્યા નિરન્તર જપી હોય તો સંસારના કલેશ દુર કરે છે. ૪૨. ચાર મંગળ, ચાર લોકોત્તમ ને ચાર શરણ, એ ત્રણ પદો અવ્યગ્રમનથી અરિહંતાદિક ચાર પદોની (अरिहंत, सिद्ध, साहु, केवलिपन्नत्तो धम्मो) સાથે મેળવીને સ્મરણ કરતાં મોક્ષ પ્રાપ્ત થાય છે. ૪૩. મોક્ષ સુખ

मुक्तिसौख्यप्रदां ध्यायेद्विद्यां पञ्चदशाक्षरीम् । सर्वज्ञाभं स्मरेन्मंत्रं, सर्वज्ञानप्रकाशकम्।।४४।।वक्तुं न कश्चिदप्यस्य प्रभावं सर्वतः क्षमः। समं भगवता साम्यं,सर्वज्ञेन बिभर्ति यः।।४५।।यदीच्छेद् भवदावाग्नेः, समुच्छेदं क्षणादपि । स्मरेत्तदापि मन्त्रस्य, वर्णसप्तकमादिमम्।।४६।। पंचवर्णं स्मरेन्मंत्रं, कर्मनिर्घातकं तथा । वर्णमालांचितं मंत्रं, ध्यायेत्सर्वाभयप्रदं।।४७।। (ह्रींकारविद्याध्यानं) ध्यायेत्सिताब्जं वक्त्रान्तरष्टवर्गीं दलाष्टके। 'ॐनमो अरिहंताणमिति वर्णानपि क्रमात्।।४८।। केसरालीं स्वरमयीं, सुधाबिन्दुविभूषिताम्। कर्णिकां कर्णिकायां च, चन्द्रबिंबात्समापतत्।।४९।। संचरमाणं वक्त्रेण, प्रभामंडलमध्यगं। सुधादीधितिसंकाशं, मायाबीजं विचिन्तयेत् ।।५०।। ततो भ्रम-

---

આપનાર પંદરઅક્ષરી(ॐ अरिहंत, सिद्ध, सयोगिकेवालिस्वाहा) વિદ્યાનું ધ્યાન કરવું, તથા સર્વજ્ઞાનપ્રકાશક સર્વજ્ઞસમાન મંત્ર (ॐ श्रीँ ह्रीँ अर्हँ नमः)નું સ્મરણ કરવું. ૪૪. આ વિદ્યા અને મંત્રના પ્રભાવને સર્વથા કહેવાને કોઇ સમર્થ નથી, કેમકે તે (વિદ્યા અને મંત્ર) સર્વજ્ઞ ભગવાનની સમાનતા ધારણ કરે છે. ૪૫. જો સંસાર રૂપ દાવાનળનો ક્ષણવારમાં ઉચ્છેદ કરવાને ઇચ્છતા હો તો પહેલા મંત્રના સાત અક્ષરનું સ્મરણ કરો. ૪૬. કર્મનો નાશ કરનાર પંચાક્ષર મંત્ર (नमो सिद्धाणं)નું સ્મરણ કરવું, તથા વર્ણમાળાથી યુક્ત સર્વ અભય આપનાર મંત્રનું ધ્યાન કરવું.૪૭. (હ્રીંકાર વિદ્યાનું ધ્યાન) મુખની અંદર આઠપત્રવાળું શ્વેતકમળ ચિંતવવું, તેના આઠપત્રની અંદર અનુક્રમે "ॐ नमो अरिहन्ताणं" એ આઠ અક્ષરો સ્થાપવા. ૪૮. કેસરાની પંક્તિ સ્વરમય કરવી તથા કર્ણિકા અમૃતબિન્દુથી વિભૂષિત કરવી અને કર્ણિકાની અન્દર ચન્દ્રબિંબથી પડતા, મુખેથી સંચરતા, પ્રભામંડળના મધ્યમા રહેલા ચંદ્ર જેવી કાન્તિવાળા માયાબીજ (ह्रीँ) ને ચિન્તવવો.૪૯-૫૦. તે પછી પત્રોમાં ભ્રમણ

न्तं पत्रेषु, संचरन्तं नभस्तले । ध्वंसयन्तं मनोध्वान्तं, श्रवन्तं च सुधारसम् ॥ ५१ ॥ तालुरन्ध्रेण गच्छन्तं, लसन्तं भ्रूलतान्तरे । त्रैलोक्याचिन्त्यमाहात्म्यं, ज्योतिर्मयमिवाद्भुतम् ॥ ५२ ॥ इत्यमुं ध्यायतो मंत्रं, पुण्यमेकाग्रचेतसः । वाङ्मनोमलमुक्तस्य, श्रुतज्ञानं प्रकाशते ॥५३॥ मासैः षड्भिः कृताभ्यासः, स्थिरीभूतमनास्ततः। निःसरन्तीं मुखांभोजाच्छिखां धूमस्य पश्यति ॥ ५४ ॥ संवत्सरं कृताभ्यासस्ततो ज्वालां विलोकते । ततः संजातसंवेगः, सर्वज्ञमुखपंकजम् ॥ ५५ ॥ स्फुरत्कल्याणमाहात्म्यं, संपन्नातिशयं ततः । भामंडलगतं साक्षादिव सर्वज्ञमीक्षते ॥५६॥ ततः स्थिरीकृतस्वान्तस्तत्र संजातनिश्चयः । मुक्त्वा संसारकान्तारमध्यास्ते सिद्धमन्दिरम् ॥५७॥ दशभिः कुलकम् ॥ शशिबिंबादिवोद्भूतां, श्रव-

---

કરતા, આકાશ તલમાં સંચરતા; મનની મલીનતાનો નાશ કરતા, અમૃત રસને ઝરતા.તાલુના રન્ધ્રથી નીકળતા,ભ્રૂકુટીના મધ્યમાં શોભતા, ત્રણ લોકમાં અચિન્ત્ય માહાત્મ્યવાળા, તેજોમયની પેઠે અદ્દભૂત. એ પ્રમાણે આ પવિત્ર મંત્રનું એકાગ્ર ચિત્તથી ધ્યાન કરતા, વાણી અને મનનો મેલ દૂર કરનારને શ્રુતજ્ઞાન પ્રકાશ થાય છે. ૫૧-૫૨-૫૩. તે પછી સ્થીરમનવાળો છ માસ અભ્યાસ કરવાથી મુખમાંથી નીકળતી ધૂમની શીખા જુએ છે. ૫૪. એ પ્રમાણે એક વરસ અભ્યાસ કરતાં મુખમાથી નીકળતી જવાળા જુએ છે અને પછી સંવેગવાન્ થઈ સર્વજ્ઞનું મુખરૂપી કમળ જુએ છે. ૫૫. તે પછી સ્પુરાયમાન કલ્યાણ માહાત્મ્યવાળા, અતિશયયુકત,ભામંડળની મધ્યમાં રહેલા સાક્ષાત્ હોય તેમ સર્વજ્ઞને જુએ છે. ૫૬. તે પછી તે સર્વજ્ઞને વિષે મન સ્થીર કરી, નિશ્ચયવાળો થઇ, સંસારરૂપ અટવીનો ત્યાગ કરી મોક્ષમંદિરે ચડે છે. ૫૭. ચંદ્રના બિંબથી જાણે ઉત્પન્ન થઇ હોય, તેવી નિરન્તર અમૃત ઝરતી

न्तीममृतं सदा । विद्यां 'क्ष्वीं' इति भालस्थां, ध्यायेत् कल्याणकारणम् ॥ ५८ ॥ क्षीरांभोधेर्विनिर्यान्तीं, प्लावयन्तीं सुधांबुभिः । भाले शशिकलां ध्यायेत्, सिद्धिसोपानपद्धतिम् ॥५९॥ अस्याः स्मरणमात्रेण, त्रुट्यद्भवनिबन्धनः। प्रयाति परमानन्दकारणं पदमव्ययं॥६०॥ नासाग्रे प्रणवः शून्यमनाहतमिति त्रयम् । ध्यायन् गुणाष्टकं लब्ध्वा, ज्ञानमाप्नोति निर्मलम् ॥ ६१ ॥ शंखकुन्दशशांकाभांस्त्रीनमून् ध्यायतः सदा । समग्रविषयज्ञानप्रागल्भ्यं जायते नृणां ॥ ६२ ॥ द्विपार्श्वप्रणवद्वन्द्वं, प्रान्तयोर्मायया ऽऽवृतम् । 'सोऽहं' मध्ये 'वि' मूर्धानं, अर्हम्लींकारं विचिन्तयेत् ॥ ६३ ॥ कामधेनुमिवाचिन्त्यफलसंपादनक्षमाम् । अनवद्यां जपेद्विद्यां, गणभृद्वदनोद्गताम् ॥६४॥ षट्कोणेऽप्रतिचक्रे फडितिप्रत्येकमक्षरम् । सव्ये

અને કલ્યાણના કારણરૂપ કપાળમાં રહેલી "ક્ષ્વીં" નામની વિદ્યાનું ધ્યાન કરવું. ૫૮. ક્ષીરસમુદ્રમાંથી નીકળતી, અમૃતજળથી ભીંજાવતી અને મોક્ષરૂપ મહેલની નીસરણી જેવી શશિકળાને લલાટને વિષે ચિન્તવવી. ૫૯. આ વિદ્યાના સ્મરણમાત્રથીજ સંસારના કારણ રૂપ (કર્મો) ત્રુટી જઇ પરમાનન્દના કારણ રૂપ અવ્યય પદને પામે છે. ૬૦. નાસિકાના અગ્રભાગને વિષે પ્રણવ (ૐ) શૂન્ય (૦) અને અનાહત. (હ) એ ત્રણનું ધ્યાન કરનાર અણિમાદિ આઠ સિદ્ધિઓ મેળવી નિર્મળજ્ઞાન પામે છે. ૬૧. એ ત્રણને શંખ, મચકુન્દ અને ચંદ્રની જેવા શ્વેત રૂપે હમ્મેશાં ધ્યાન કરતાં મનુષ્યોને સમગ્રવિષયના જ્ઞાનમાં પ્રગલ્ભતા થાય છે. ૬૨. બે બાજુએ બબે "ૐકાર," છેડાના બે ભાગે માયા બીજ 'ह्रीँ'થી વીંટાએલી મધ્યમાં 'સોહં' અને માથા ઉપર 'વિ' એવા અર્હમ્લીંકારને ચિંન્તવવું. [ह्रीँ, ओँ, ओँ, स, ह्म्लीँ, हँ, ओँ, ओँ,ह्रीं.] ૬૩. કામધેનુની જેમ અચિન્ત્ય ફળ આપવામાં સમર્થ, ગણધરના મુખમાથી નીકળેલી, નિરવદ્ય વિદ્યાનો જાપ કરે. ૬૪.

न्यस्येद्विचक्राय, स्वाहा बाह्येऽपसव्यतः ॥६५॥ भूतान्तं बिन्दु-संयुक्तं, तन्मध्ये न्यस्य चिन्तयेत्। 'नमो जिणाण' मित्याद्यैरोंपूर्वैर्वेष्टयेद् बहिः ॥६६॥ अष्टपत्रेऽम्बुजे ध्यायेदात्मानं दीप्ततेजसम्। प्रणवाद्यस्य मन्त्रस्य, वर्णान् पत्रेषु च क्रमात् ॥६७॥ पूर्वाशाभिमुखः पूर्वमधिकृत्यादिमंडलम्। एकादश शतान्यष्टाक्षरं मंत्रं जपेत्ततः ॥ ६८ ॥ पूर्वाशानुक्रमादेवमुद्दिश्यान्यदलान्यपि। अष्टरात्रं जपेद्योगी, सर्वप्रत्यूहशान्तये ॥६९॥ अष्टरात्रे व्यतिक्रान्ते, कमलस्यास्य वर्त्तिनः। निरूपयति पत्रेषु, वर्णानेताननुक्रमम् ॥७०॥ भीषणाः सिंहमातंगरक्षःप्रभृतयःक्षणात्। शाम्यन्ति व्यन्तराश्चान्ये, ध्यानप्रत्यूहहेतवः॥७१॥मंत्रः प्रणवपूर्वोऽयं, फलमैहिकमिच्छुभिः।

ચક્રશિવાય અસાધારણ ષટ્કોણ ચક્રમાં દરેક ખુણામાં 'ફટ્'એ પ્રમાણે અક્ષર સ્થાપવો, અને જમણી બાજુ બહારના ભાગમાં 'વિચક્રાય'સ્થાપે,ડાબી બાજુ'સ્વાહ'સ્થાપે,અને ભૂતાંત બિંદુસહિત તેની અંદર સ્થાપી ચીંતવે અને તેની બહાર'ૐપૂર્વ નમો જિણાણ" ઇત્યાદી કરી ને બહારથી વીંટી લે, ૬૫. ૬૬. (અષ્ટાક્ષરીવિદ્યા)આઠ પત્રવાળા કમળની અંદર દીપ્ત તેજવાળા આત્માનું ધ્યાન કરવું, અને ૐકાર પૂર્વક આદ્યમંત્રના વર્ણો અનુક્રમે પત્રોમાં સ્થાપવા.૬૭.પછી પ્રથમ પત્ર,પૂર્વ દિશા તરફથી ગણીને તે પત્રોમાં અનુક્રમે આઠ વર્ણો સ્થાપીને અગીઆરસોવાર તે આઠ અક્ષરના મંત્રનો જાપ કરવો.૬૮. પૂર્વ દિશાના અનુક્રમથીજ ઉદ્દેશીને બીજા પણ પત્ર સ્થાપી સર્વ વિઘ્નોની શાન્તિ માટે આઠ રાત્રિ સુધી યોગીએ જાપ કરવો. ૬૯. જાપ કરતાં આઠ રાત્રિ વીત્યા બાદ આ કમળની અંદર પત્રોમાં અનુક્રમે એ આઠ વર્ણો જણાય છે. ૭૦ ભયંકર સિંહ, હાથી, ને રાક્ષસ વિગેરે ક્ષણવારમાં શાંત થાય છે અને ધ્યાનમાં વિઘ્નના હેતુભૂત વ્યંતરો પણ શાન્ત થાય છે. ૭૧. ઐહિક ફળ ઇચ્છનારાએ પ્રણવ(ૐ) પૂર્વક આ મંત્રનું ધ્યાન

ध्येयः प्रणवहीनस्तु, निर्वाणपदकांक्षिभिः ॥७२॥ चिन्तयेदन्य-मप्येनं, मंत्रं कर्मौघशान्तये। स्मरेत् सत्त्वोपकाराय, विद्यां तां पाप-भक्षिणीम् ॥ ७३ ॥ प्रसीदति मनः सद्यः, पापकालुष्यमुज्झति । प्रभावातिशयादस्या, ज्ञानदीपः प्रकाशते ॥ ७४ ॥ ज्ञानवद्भिः समाम्नातं, वज्रस्वाम्यादिभिः स्फुटम्। विद्यावादात्समुद्धृत्य, बीज-भूतं शिवश्रियः॥७५॥ जन्मदावहुताशस्य, प्रशान्तौ नववारिदम्। गुरूपदेशाद्विज्ञाय, सिद्धचक्रं विचिन्तयेत् ॥७६॥ युग्मम् ॥ नाभिपद्मे स्थितं ध्यायेत्, 'अ'कारं विश्वतो मुखम्। 'सि' वर्णं मस्तकांभोजे, 'आ'कारं वदनांबुजे ॥ ७७ ॥ 'उ'कारं हृदयांभोजे, 'सा'कारं कंठपंकजे। सर्वकल्याणकारीणि, बीजान्यन्यान्यपि स्मरेत्

કરવું, અને મોક્ષપદ ઇચ્છનારાએ તો પ્રણવરહિત ધ્યાન કરવું. ૭૨. બીજાએ પણ આ 'श्रीमदृषभादिवर्धमानान्तेभ्यो नमः' મંત્રને કર્મસમૂહની શાન્તિ માટે ચિન્તવવો, અને જીવો ઉપર ઉપકાર કરવા માટે તો આ "ॐ अर्हन्मुखकमलवासिनि पापात्मक्षयंकरि श्रुतज्ञानज्वालासहस्रप्रज्वलिते हे सरस्वति मत्पापं हन हन, दह दह, क्षांक्षींक्षूंक्षौंक्षः क्षीरधवले अमृतसंभवे वं वं, हुं हुं स्वाहा" પાપભક્ષિણી વિદ્યાને સ્મરવી. ૭૩. આ વિદ્યાના અતિશય પ્રભાવથી મન તુરત પ્રસન્ન થાય છે, પાપકાલુષ્યને દૂર કરે છે અને જ્ઞાનરૂપ પ્રદીપ પ્રકાશે છે. ૭૪. એવું મોક્ષલક્ષ્મીના બીજ ભૂત વિદ્યાપ્રવાદમાંથી ઉદ્ધરીને વજ્રસ્વામિઆદિ જ્ઞાનીઓએ પ્રગટપણે આ કહેલું છે. ૭૫. જન્મમરણાદિરૂપ દાવાનળને શાન્ત કરવામાં નવમેઘસમાન, સિદ્ધચક્રને ગુરૂના ઉપદેશથી જાણીને ધ્યાન કરવું ૭૬. નાભિકમળમાં રહેલા સર્વ વ્યાપી અકારને ચિન્તવવો, મસ્તકના કમળમાં સિવર્ણ ચિન્તવવો અને મુખકમળમાં આકાર ચિન્તવવો. ૭૭. હૃદયકમળમાં ઉકાર, અને કંઠમાં સાકાર ચિન્તવવો; તથા બીજા પણ સર્વકલ્યાણ કરનારા બીજોને ચિંતવે

॥७८॥श्रुतसिन्धुसमुद्भूतमन्यदप्यक्षरं पदम्। अशेषं ध्यायमानं स्यान्निर्वाणपदसिद्धये ॥७९॥ वीतरागो भवेद्योगी, यत्किंचिदपि चिन्तयन्। तदेव ध्यानमाम्नातमतोऽन्ये ग्रन्थविस्तराः॥८०॥[एवं[1] च मंत्रविद्यानां, वर्णेषु च पदेषु च। विश्लेषः क्रमशः कुर्याल्लक्ष्मी(क्ष्यी)-भावोपपत्तये]॥८१॥ इति गणधरधुर्याविष्कृतादुद्धृतानि, प्रवचन-जलराशेस्तत्त्वरत्नान्यमूनि। हृदयमुकुरमध्ये धीमतामुल्लसन्तु,पाचि-तभवशतोत्थक्लेशनिर्णाशहेतोः ॥८२॥

इति श्रीहेमचन्द्राचार्यविरचिते योगशास्त्रेऽष्टमः प्रकाशः ॥ ८ ॥

---

७८. श्रुतરૂપસમુદ્રમાંથી ઉત્પન્ન થએલ બીજા પણ બધા અક્ષર અને પદ વિગેરેનું ધ્યાન કર્યું હોય તો મોક્ષ-પદની સિદ્ધિમાટે થાય છે. ૭૯. જે કંઇ પણ ચિન્તવન કરતાં યોગી રાગરહિત થાય તો તેજ ધ્યાન માનેલું છે, તે સિવાય અન્ય તો ગ્રન્થના વિસ્તાર રૂપજ છે. ૮૦. (એ પ્રમાણે મંત્ર અને વિદ્યાના વર્ણોમાં તથા પદોમાં, લક્ષ્મી અને ભાવની પ્રાપ્તિ માટે અનુક્રમે વિશ્લેષ કરવો. ૮૧.) એ પ્રમાણે મુખ્ય ગણધરે પ્રગટ કરેલા, સિદ્ધાન્તરૂપ-સમુદ્રમાંથી ઉદ્ધરેલા, આ તત્ત્વ રૂપ રત્નો, સેંકડો ભવથી ઉત્પન્ન થએલા, ક્લેશને નાશ કરવા માટે બુદ્ધિમાન્ પુરૂષોના હૃદય રૂપ આરિસામાં ઉલ્લાસ પામો. ૮૨.

इति श्रीमद्धेमचन्द्राचार्यविरचिते योगशास्त्रे अष्टमप्रकाशस्य गूर्जरगिरायामनुवादः ॥८॥

---

१ આ શ્લોક લખેલી પ્રતમાં નથી.

॥ अथ नवमः प्रकाशः ॥९॥

[अथ रूपस्थध्येयस्वरुपं] मोक्षश्रीसन्मुखीनस्य, विध्वस्ताखिलकर्मणः। चतुर्मुखस्य निःशेषभुवनाभयदायिनः ॥ १ ॥ इन्दुमंडलसंकाशच्छत्रत्रितयशालिनः। लसद्भामंडलाभोगविडंबितविवस्वतः ॥ २ ॥ दिव्यदुन्दुभिनिर्घोषगीतसाम्राज्यसंपदः। रणद्द्विरेफझंकारमुखराशोकशोभिनः ॥ ३ ॥ सिंहासननिषण्णस्य, वीज्यमानस्य चामरैः। सुरासुरशिरोरत्नदीप्तपादनखद्युतेः ॥ ४ ॥ दिव्यपुष्पोत्कराकीर्णसंकीर्णपरिषद्भुवः। उत्कन्धरैर्मृगकुलैः, पीयमानकलध्वनेः ॥५॥ शान्तवैरेभसिंहादिसमुपासितसन्निधेः। प्रभोः समवसरणस्थितस्य परमेष्ठिनः ॥ ६ ॥ सर्वातिशययुक्तस्य, केवलज्ञानभास्वतः। अर्हतो रूपमालम्ब्य, ध्यानं रूपस्थमुच्यते॥ ७ ॥

હવે નવમો પ્રકાશ ૯.

(હવે રૂપસ્થધ્યેયનું સ્વરૂપ કહેછે.) મોક્ષલક્ષ્મી સન્મુખ છે જેને, સમગ્ર કર્મનો નાશ કરનાર, ચાર મુખવાળા, સમસ્તભુવનને અભયદાન આપનાર. ૧. ચંદ્રમંડળ જેવા શ્વેત ત્રણ છત્રથી શોભતા, સૂર્યને વિડંબના કરતું ભામંડળ જેની પાછળ શોભી રહ્યું છે. ૨. દિવ્યદુંદુભિના નિર્ઘોષોના ગીતસામ્રાજયની સંપત્તિવાળા, શબ્દ કરતા ભ્રમરોના ઝંકારથી વાચાળ થએલ અશોક વૃક્ષથી શોભતા. ૩. સિંહાસન ઉપર બેઠેલા, ચામરોથી વીંઝાતા, નમનાર સુરાસુરના મુકુટના રત્નોથી પગના નખની દીપ્ત કાન્તિવાળા. ૪. દિવ્યપુષ્પોના સમૂહથી વ્યાપ્ત અને વિશાળ પરષદાથી ભૂમિ છે જેને, ઉંચી ડોકવાળા મૃગોએ કરીને જેમનો સુંદર ધ્વની સંભળાય છે. ૫. વૈર શાન્ત કરી હાથી સિંહ આદિ પશુઓ, જેની નજીકમાં આવ્યા છે સમવસરણમાં રહેલા પરમેષ્ટિ સ્વરૂપ એવા પ્રભુ સમિપે બેઠેલા છે. ૬. સર્વ અતિશયથી યુકત, કેવળજ્ઞાનથી પ્રકાશમાન એવા અરિહંતના રૂપનું આલંબન કરીને ધ્યાન કરવું, તે રૂપસ્થ ધ્યાન કહેવાયછે. ૭. (હવે બીજા પ્રકારથી

सप्तभिः कुलकम्। (प्रकारान्तरेण रूपस्थध्येयस्वरूपमाह) रागद्वेष-महामोहविकारैरकलंकितम्। शान्तं कान्तं मनोहारि, सर्वलक्षण-लक्षितम्॥८॥ तीर्थकैरपरिज्ञातयोगमुद्रामनोरमम्। अक्ष्णोरमन्दमानन्दनिस्यन्दं ददवद्‌भुतं॥९॥ जिनेन्द्रप्रतिमारूपमपि निर्मलमानसः। निर्निमेषदृशा ध्यायन्, रूपस्थध्यानवान् भवेत्॥१०॥ त्रिभिर्विशेषकं। योगी चाभ्यासयोगेन, तन्मयत्वमुपागतः। सर्वज्ञीभूतमात्मानमवलोकयति स्फुटम् ॥ ११ ॥ सर्वज्ञो भगवान् योऽयमहमेवास्मि स ध्रुवम्। एवं तन्मयतां यातः, सर्ववेदीति मन्यते ॥१२॥ वीतरागो विमुच्यते, वीतरागं विचिन्तयन्। रागिणं तु समालम्ब्य, रागी स्यात्क्षोभणादिकृत् ॥ १३ ॥ येन येन हि भावेन, युज्यते यंत्रवाहकः। तेन तन्मयतां याति, विश्वरूपो मणिर्यथा ॥१४॥

રૂપસ્થ ધ્યેયનું સ્વરૂપ કહે છે.) રાગ દ્વેષ અને મહા-મોહરૂપવિકારોથી અકલંકિત, શાંત, કાન્ત, મનોહર અને સર્વલક્ષણોથી યુકત. ૮. અન્યતીર્થીઓએ નહિ જાણેલ, સુંદરયોગમુદ્રાવાળા, આંખોને અતિઅદ્‌ભુત આનંદના ઝરાને આપનારા. ૯. એવા જિનેશ્વરની પ્રતિમાના રૂપનું પણ નિર્મળમનથી નિર્નિમેષદૃષ્ટિએ ધ્યાન કરનાર રૂપસ્થ ધ્યાનવાન્ થાય છે. ૧૦. અભ્યાસના યોગથી તન્મયપણાને પામેલો યોગી પ્રગટપણે પોતાને સર્વજ્ઞભુત થયેલો જુએ છે. ૧૧. જે આ સર્વજ્ઞ ભગવાન છે તે નિશ્ચે હુંજ છું. એ પ્રમાણે તન્મયતાને પામેલો યોગી સર્વજ્ઞ કહેવાય છે.૧૨. વીતરાગનું ચિન્તવન કરતાં વીતરાગ એવો યોગી (કર્મથી) મુકાય છે. અને રાગીનું આલંબન કરીને રાગી ક્ષોભાદિ કરનાર થાય છે. ૧૩. કેમકે યંત્રવાહક જે જે ભાવે જોડાય છે તેની સાથે આત્મા વિશ્વરૂપ મણીની પેઠે તન્મ-યતા પામે છે. (અર્થાત્ સ્ફટિકમણિ, જેવું પુષ્પ પાસે હોય તેવું ભાસે છે) ૧૪. આ દુનિયામાં કૌતુકથી પણ ખોટા

नासद्ध्यानानि सेव्यानि, कौतुकेनापि किंत्विह । स्वनाशायैव जायन्ते, सेव्यमानानि तानि यत् ॥ १५ ॥ सिध्द्यन्ति सिद्धयः सर्वाः, स्वयं मोक्षावलंबिनाम् । संदिग्धा सिद्धिरन्येषां, स्वार्थभ्रंशस्तु-निश्चितः ॥ १६ ॥

॥ इति श्रीहेमचन्द्राचार्यविरचिते योगशास्त्रे नवमः प्रकाशः ॥९॥

॥ अथ दशमः प्रकाशः ॥ १० ॥

(रूपातीतध्येयस्वरूपमाह) अमूर्त्तस्य चिदानन्दरूपस्य परमात्मनः। निरञ्जनस्य सिद्धस्य, ध्यानं स्याद्रूपवार्जितम् ॥ १ ॥ इत्यजस्रं स्मरन् योगी, तत्स्वरूपावलंबनः । तन्मयत्वमवाप्नोति, ग्राह्यग्राहकवर्जितम् ॥ २ ॥ अनन्यशरणीभूय, स तस्मिन् लीयते

ध्यानो सेववा नहि, केमके ते सेव्या होय तो पोताना नाश-माटेज थाय छे. १५. मोक्षनुं अवलंबन करनाराओने सर्व-सिद्धिओ पोतानी मेळेज सिद्ध थाय छे; बीजाने ते सिद्धि-ओ थाय अथवा न थाय, परन्तु स्वार्थभ्रंश तो थायज. १६.

इति श्रीहेमचन्द्राचार्यविरचिते योगशास्त्रे नवमप्रकाशस्य गूर्जरगिरायामनुवादः ॥९॥

हवे दशमो प्रकाश. १०.

(हवे रूपातीत ध्येयनुं स्वरूप कहे छे.) अमूर्त, चिदानंदस्वरूप, निरंजन, एवा सिद्धपरमात्मानुं ध्यान ते रूप रहित (रूपातीत) ध्यान छे. १. ए प्रमाणे सिद्ध स्वरूपनुं अवलंबन लइ हुम्मेशां ध्यान करनार योगी ग्राह्य, (लेवा योग्य) ग्राहक (लेनार) भावरहित तन्मयता पामे छे, २. अनन्यशरणी

तथा । ध्यातृध्यानोभयाभावे, ध्येयेनैक्यं यथा व्रजेत् ।।३।। सोऽयं समरसीभावस्तदेकीकरणं मतम् । आत्मा यदपृथक्त्वेन, लीयते परमात्मनि ।। ४ ।। अलक्ष्यं लक्ष्यसंबन्धात्, स्थूलात्सूक्ष्मं विचिन्तयेत् । सालंबाच्च निरालंबं, तत्त्ववित्तत्त्वमञ्जसा ।। ५ ।। एवं चतुर्विधध्यानामृतमग्नं मुनेर्मनः । साक्षात्कृतजगत्तत्त्वं, विधत्ते शुद्धिमात्मनः ।।६।। आज्ञापायविपाकानां, संस्थानस्य च चिन्तनात् । इत्थं वा ध्येयभेदेन, धर्मध्यानं चतुर्विधम् ।।७।।आज्ञां यत्र पुरस्कृत्य, सर्वज्ञानामबाधिताम् । तत्त्वतश्चिंतयेदर्थास्तदाज्ञाध्यानमुच्यते।।८।। सर्वज्ञवचनं सूक्ष्मं, हन्यते यन्न हेतुभिः । तदाज्ञारूपमादेयं, न मृषाभाषिणो जिनाः ।।९।। रागद्वेषकषायाद्यैर्जायमानान् विचि-

---

થઇને તે યોગી તેમાં એવી રીતે લીન થાય છે કે ધ્યાની અને ધ્યાનના અભાવે ધ્યેયની સાથે એકરૂપતા પામે છે. ૩. તે આ સમરસીભાવ છે, અને તેનેજ એકીકરણ (અભેદપણું) માન્યું છે કે જે આત્મા અભિન્નપણે પરમાત્માને વિષે લીન થાય છે. ૪. લક્ષ્યધ્યાનના સંબંધથી અલક્ષ્યધ્યાન કરવું, સ્થૂલધ્યાનથી સૂક્ષ્મધ્યાનનું ચિન્તવન કરવું, સાલંબનથી નિરાલંબન થવું, એ પ્રમાણે કરવાથી તત્ત્વજ્ઞયોગી જલદી તત્ત્વ પામે છે. ૫ એ પ્રમાણે ચારે પ્રકારના ધ્યાનામૃતમાં મગ્ન થએલું મુનિનું મન જગતના તત્ત્વો સાક્ષાત્ કરી આત્માની શુદ્ધિ કરે છે. ૬. અથવા આજ્ઞા, અપાય, વિપાક ને સંસ્થાનનું ચિન્તવન કરવાથી ધ્યેયના ભેદ વડે આ પ્રમાણે ધર્મધ્યાન ચાર પ્રકારે છે. ૭. જે ધ્યાનમાં સર્વજ્ઞની અબાધિત આજ્ઞા આગળ કરીને તત્ત્વથી અર્થોનું ચિન્તવન કરવું તે 'આજ્ઞાધ્યાન' કહેવાય છે. ૮. જિનેશ્વરનું વચન સૂક્ષ્મ છે ને તે હેતુ યુક્તિથી ખંડિત થતું નથી, જિનેશ્વરો અસત્ય બોલતા નથી તેથી તેમનું વચન ગ્રહણ કરવું તે આજ્ઞારૂપ ધ્યાન છે. ૯. જે ધ્યાનમાં રાગદ્વેષકષાયાદિથી ઉત્પન્ન

न्तयेत् । यत्रापायांस्तदपायविचयध्यानमिष्यते ॥ १० ॥ ऐहिकामुष्मिकापायपरिहारपरायणः । ततः प्रतिनिवर्त्तेत, समंतात्पापकर्मणः ॥ ११ ॥ प्रतिक्षणसमुद्भूतो, यत्र कर्मफलोदयः । चिन्त्यते चित्ररूपः स, विपाकविचयोदयः ॥१२॥ या संपदाऽर्हतो या च, विपदो नारकात्मनः । एकातपत्रता तत्र, पुण्यापुण्यस्य कर्मणः ॥ १३ ॥ (**अथ संस्थानध्यानस्वरूपं**) अनाद्यन्तस्य लोकस्य, स्थित्युत्पत्तिव्ययात्मनः । आकृतिं चिन्तयेद्यत्र, **संस्थानविचयः** स तु ॥ १४ ॥ नानाद्रव्यगतानन्तपर्यायपरिवर्तनात्। सदा सक्तं मनो नैव, रागाद्याकुलतां व्रजेत् ॥१५॥ [**धर्मध्यानविशेषस्वरूपं**] धर्मध्याने भवेद् भावः, क्षायोपशमिकादिकः। लेश्याः क्रमविशुद्धाः स्युः, पीतपद्मसिताः पुनः ॥ १६ ॥ अस्मिन्नितान्तवैराग्यव्यति-

---

થતા દુઃખોનું ચિન્તવન થાય તે **‘અપાયવિચય’** ધ્યાન કહેવાય છે. ૧૦. તેથી આ લોક અને પરલોક સંબંધી અપાયનો ત્યાગ કરવામાં તત્પર થઈ સમસ્ત પ્રકારે પાપકર્મથી નિવૃત્ત થાય છે. ૧૧. જે ધ્યાનમાં ક્ષણે ક્ષણે ઉત્પન્ન થતા કર્મફળના ઉદયનો અનેકરૂપે વિચાર કરાય તે **‘વિપાકવિચય’** નામે ધ્યાન છે. ૧૨. અરિહંતને જે સંપદા છે અને નારકી જીવોને જે વિપદા છે તેમાં પુણ્ય ને પાપ કર્મનું જ સામ્રાજ્યપણું છે.૧૩. (**હવે સંસ્થાનધ્યાનનું સ્વરૂપ કહે છે**) જે ધ્યાનમાં ઉત્પત્તિ સ્થિતિ અને નાશ સ્વરૂપવાળા અનાદિ અનંત લોકની આકૃતિનું ચિન્તવન થાય તે **‘સંસ્થાનવિચય’** ધ્યાન છે. ૧૪. વિવિધ દ્રવ્યાન્તર્ગત અનન્ત પર્યાયનું પરિવર્તન હોવાથી હમ્મેશાં તેમાં આસકત થએલું મન રાગાદિની આકુલતાને પામતું નથી. ૧૫. (**ધર્મ ધ્યાનનું વિશેષ સ્વરૂપ કહે છે**) ધર્મધ્યાનમાં ક્ષાયોપશમિક આદિ ભાવ હોય છે. અને પીત, પદ્મ, તથા શુકલ લેશ્યાઓ અનુક્રમે વિશુદ્ધ થાય છે ૧૬. આ ધ્યાનમાં અત્યન્ત વૈરાગ્યના સંબંધથી તરંગિત થએ છતે પ્રાણિઓને સ્વસં-

षंगतरंगिते । जायते देहिनां सौख्यं, स्वसंवेद्यमतीन्द्रियम् ॥१७॥ (**अमुत्रलोकसंबंधि सुखं**) त्यक्तसंगास्तनुं त्यक्त्वा, धर्मध्यानेन योगिनः । ग्रैवेयकादिस्वर्गेषु, भवन्ति त्रिदशोत्तमाः ॥ १८ ॥ महामहिमसौभाग्यं, शरच्चन्द्रसमप्रभम् । प्राप्नुवन्ति वपुस्तत्र, स्रग्भूषाम्बरभूषितम् ॥१९॥ विशिष्टवीर्यबोधाढ्यं, कामार्त्तिज्वरवर्जितम् । निरन्तरायं सेवन्ते, सुखं चानुपमं चिरम् ॥ २० ॥ इच्छासंपन्नसर्वार्थमनोहारिसुखामृतम् । निर्विघ्नमुपभुञ्जाना, गतं कालं न जानते ॥२१॥ दिव्यभोगावसाने च, च्युत्वा त्रिदिवतस्ततः । उत्तमेन शरीरेणावतरन्ति महीतले ॥ २२ ॥ दिव्यवंशे समुत्पन्ना, नित्योत्सवमनोरमान् । भुञ्जते विविधान् भोगानखंडितमनोरथाः ॥२३॥ ततो विवेकमाश्रित्य, विरज्याऽशेषभोगतः । ध्यानेन ध्वस्तकर्माणः, प्रयान्ति पदमव्ययम्॥२४॥ त्रिभिर्विशेषकं ।

વેદ્ય અતીન્દ્રિયસુખ પ્રાપ્ત થાય છે. ૧૭. (**પરલોક સંબંધિ સુખ કહે છે.**) સર્વસંગરહિત યોગીઓ ધર્મધ્યાન વડે શરીર તજીને ગ્રૈવેયક આદિ સ્વર્ગોમાં ઉત્તમદેવપણે ઉત્પન્ન થાય છે. ૧૮. ત્યાં મહામહિમાવાળા, સૌભાગ્યવાળા, શરદઋતુના ચંદ્ર જેવી કાન્તિવાળા, પુષ્પમાળા આભુષણ અને વસ્ત્રથી વિભૂષિત શરીર પામે છે. ૧૯. વિશિષ્ટ વીર્ય અને જ્ઞાન યુકત, કામની પીડા રૂપ જવરથી રહિત, અન્તરાયરહિત લાંબાકાળ સુધી અનુપમ સુખ અનુભવે ૨૦. ઈચ્છા મુજબ સર્વઅર્થને પ્રાપ્ત કરનાર, વિઘ્નરહિત મનોહરસુખામૃત ભોગવતા થકાં ગએલો કાળ જાણુતા નથી. ૨૧. દિવ્યભોગો પૂર્ણુ થએ છતે ત્યાં દેવલોકથી ચ્યવી પૃથ્વીતળમાં ઉત્તમશરીરે અવતરે છે. ૨૨. અખંડિતમનોરથવાળા દિવ્યવંશમાં ઉત્પન્ન થઈ નિત્ય ઉત્સવથી મનોરમ વિવિધિ ભોગો ભોગવે છે. ૨૩. તે પછી વિવેકનો આશ્રયકરી, સર્વભોગોથી વૈરાગ્ય પામી, ધ્યાનવડે સર્વ-

इति श्रीहेमचन्द्राचार्यविरचिते योगशास्त्रे दशमः प्रकाशः ॥१०॥

॥ अथैकादशः प्रकाशः ॥११॥

आर्याछन्दः

(अथ शुक्लध्यानं) स्वर्गापवर्गहेतुर्धर्मध्यानमिति कीर्तितं ता-(या) वत् । अपवर्गैकनिदानं शुक्लमतः कीर्त्यते ध्यानम् ॥ १ ॥ (शुक्लध्यानाधिकारी) इदमादिमसंहनना एवाऽलं पूर्ववेदिनः कर्तुम् । स्थिरतां न याति चित्तं कथमपि यत्स्वल्पसत्त्वानाम् ॥२॥ धत्ते न खलु स्वास्थ्यं व्याकुलितं तनुमतां मनो विषयैः । शुक्लध्याने तस्मादधिकारो नाल्पसाराणाम् ॥ ३॥ अनवच्छित्त्याम्नायः समागतोऽस्येति कीर्त्यतेऽस्माभिः । दुष्करमप्याधुनिकैः शुक्लध्यानं

કર્મનો નાશ કરી અવ્યય (મોક્ષ) પદમાં જાય છે. ૨૪.

इति श्रीहेमचन्द्राचार्यविरचिते योगशास्त्रे दशमप्रकाशस्य गूर्जरगिरायामनुवादः॥१०॥

હવે અગીઆરમો પ્રકાશ ૧૧.

(હવે શુક્લધ્યાન કહે છે.) એ પ્રમાણે પ્રથમસ્વર્ગ અને મોક્ષના કારણરૂપ ધર્મધ્યાન કહ્યું. હવે મોક્ષનાજ એક-કારણરૂપ શુકલધ્યાન કહીએ છીએ. ૧. પ્રથમ સંઘયણવાળા પૂર્વધરોજ આ ધ્યાન કરવાને સમર્થ છે, કેમ કે અલ્પસ-ત્ત્વવાળા પ્રાણિઓનાં ચિત્ત કોઇ પણ રીતે સ્થિરતા પામતા નથી. ૨. વિષયોથી વ્યાકુળ થએલા મનુષ્યોનાં મન સ્વસ્થ-તા ધારણ કરી શકતા નથી. તેથી અલ્પસત્વવાળાને શુકલ-ધ્યાન કરવાનો અધિકાર નથી. ૩. આધુનિકના જીવોએ શુકલ-ધ્યાન કરવું દુષ્કર છે, તો પણ પરંપરાથી ચાલી આવેલો

यथाशास्त्रम् ॥ ४ ॥ [शुक्लध्यानभेदाः] ज्ञेयं नानात्वश्रुतविचारमैक्यं श्रुताऽविचारं च । सूक्ष्मक्रियमुत्सन्नक्रियमितिभेदैश्चतुर्धा तत् ॥५॥ (प्रथमो भेदः) एकत्र पर्ययाणां विविधनयानुसरणं श्रुताद् द्रव्ये । अर्थव्यञ्जनयोगान्तरेषु संक्रमणयुक्तमाद्यं तत् ॥६॥ (द्वितीयो भेदः) एवं श्रुतानुसारादेकत्ववितर्कमेकपर्याये । अर्थव्यञ्जनयोगान्तरेष्वसंक्रमणमन्यत्तु ॥७॥ (तृतीयो भेदः) निर्वाणगमनसमये केवलिनो दरनिरुद्धयोगस्य । सूक्ष्मक्रियाऽप्रतिपाति तृतीयं कीर्तितं शुक्लम् ॥८॥ [चतुर्थो भेदः] केवलिनः शैलेशीगतस्य शैलवदकंपनीयस्य । उत्सन्नक्रियमप्रतिपाति तुरीयं परमशुक्लम् ॥९॥ (ध्यानस्वामित्वमाह) एवं त्रियोगभाजामाद्यं स्या-

---

આમ્નાય વિચ્છેદ ન થાય તેથી અમે શાસ્ત્રાનુસારે કહીએ છીએ. ૪. (શુક્લ ધ્યાનના ભેદ કહે છે.) પૃથક્ત્વશ્રુતવિચાર, અપૃથકત્વશ્રુત અવિચાર, સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતિ અને ઉચ્છિન્નક્રિયા અનિવૃત્તિ એમ ચાર પ્રકારે તે શુક્લ ધ્યાન જાણવું. ૫. (**પહેલો ભેદ પૃથકૂત્વશ્રુત સવિચાર**) દ્રવ્યમાં રહેલા એકત્ર પર્યાયોનું વિવિધ નયોના અનુસારે શ્રુતથી અર્થ, વ્યગ્જન, અને યોગાન્તરમાં સંક્રમણ કરવું. તે **પૃથકૂત્વશ્રુત વિચાર** નામે પ્રથમ ભેદ છે. ૬. (**હવે બીજો અપૃથકૂત્વશ્રુત અવિચાર.**) એ પ્રમાણે શ્રુતાનુસારે એક પર્યાયમાં અર્થ, વ્યગ્જન અને યોગાન્તરમાં અસંક્રમણ તે **એકત્વવિતર્ક** નામે બીજો ભેદ છે ૭. (**હવે ત્રીજો ભેદ કહે છે**) મોક્ષ ગમનસમયે કેવલીએ જે અર્ધ યોગનો રોધ કરેલો હોય તેમને સૂક્ષ્મ ક્રિયા **અપ્રતિપાતિ** નામે શુક્લ ધ્યાનનો ત્રીજો ભેદ.૮. **હવે ચોથો ભેદ કહે છે**) પર્વતની પેઠે અકંપનીય શૈલેશીકરણ પામેલા કેવલીને **ઉત્સન્નક્રિયાઅપ્રતિપાતિ** નામે શુક્લ ધ્યાનનો ચોથો ભેદ હોય છે. ૯. (**ધ્યાનનો સ્વામી કહે છે**) એ

दपरमेकयोगानाम् । तनुयोगिनां तृतीयं निर्योगानां चतुर्थं तु ॥१०॥ छद्मस्थितस्य यद्वन्मनः स्थिरं ध्यानमुच्यते तज्ज्ञैः । निश्चलमंगं तद्वत् केवलिनां कीर्तितं ध्यानम् ॥ ११ ॥ पूर्वाभ्यासाज्जीवोपयोगतः कर्मजरणहेतोर्वा । शब्दार्थबहुत्वाद् वा जिनवचनाद्वाप्ययोगिनो ध्यानम् ॥ १२ ॥ आद्ये श्रुतावलंबनपूर्वे पूर्वश्रुतार्थसंबंधात् । पूर्वधराणां छद्मस्थयोगिनां प्रायशो ध्याने ॥१३॥ सकलालंबनविरहप्रथिते द्वे त्वन्तिमे समुद्दिष्टे । निर्मलकेवलदृष्टिज्ञानानां क्षीणदोषाणां ॥१४॥ तत्र श्रुताद् गृहीत्वैकमर्थमर्थाद् व्रजेच्छब्दम् । शब्दात्पुनरप्यर्थं योगाद्योगान्तरं च सुधीः ॥ १५ ॥ संक्रामत्यविलंबितमर्थप्रभृतिषु यथा किल ध्यानी । व्यावर्तते स्वयमसौ पुनरपि तेन प्रकारेण ॥१६॥ इति नानात्वे निशिताभ्यासः

પ્રમાણે ત્રણ યોગવાળા યોગીને પહેલુ' શુક્લ ધ્યાન હોય, ત્રણમાંથી કોઇ પણ એક યોગવાળાને બીજું, સૂક્ષ્મશરીરયોગવાળાને ત્રીજું, ને યોગ રહિતને ચોથુ' શુક્લધ્યાન હોય. ૧૦. જેમ છદ્મસ્થના મનની સ્થિરતાને ધ્યાન કહેવાય છે. તેમ કેવલીઓના શરીરની નિશ્ચળતાને ધ્યાનજ્ઞોએ ધ્યાન કહ્યું છે. ૧૧. આ અયોગીને પૂર્વના અભ્યાસથી, જીવના ઉપયોગથી, કર્મનિર્જરાના હેતુથી, શબ્દાર્થની બહુલતાથી, અથવા જિનેશ્વરના વચનથી ધ્યાન કહ્યું છે. ૧૨. પ્રથમના બે શુક્લધ્યાન શ્રુતાલ'બનપૂર્વક પૂર્વશ્રુતાર્થના સ'બ'ધથી પૂર્વધર છદ્મસ્થયોગીઓને ઘણું કરીને હોય છે. ૧૩. સર્વદોષરહિત, નિર્મળ કેવળજ્ઞાન અને કેવળદર્શન વાળાને સર્વ આલ'બન રહિત છેલ્લાં બે શુક્લધ્યાન કહ્યાં છે. ૧૪. તેમાં પ્રથમ શ્રુતથી એક અર્થ ગ્રહણ કરી અર્થથી શબ્દમાં જવુ' અને ફરી શબ્દથી અર્થમાં જવુ' એવીજ રીતે બુદ્ધિમાને યોગથી યોગાન્તરે જવુ'. ૧૫. જેવી રીતે ધ્યાનીપુરૂષ વિલ'બરહિત અર્થ આદિમાં સ'ક્રમણ કરે છે, તેવી રીતે ફરી પણ પોતે ત્યાંથી પાછો ફરે છે. ૧૬. એ પ્રમાણે

संजायते यदा योगी । आविर्भूतात्मगुणस्तदेकताया भवेद्योग्यः ॥ १७ ॥ उत्पादस्थितिभंगादिपर्यायाणां यदैकयोगः सन् । ध्यायति पर्ययमेकं, तत्स्यादेकत्वमविचारम्॥१८॥ त्रिजगद्विषयं ध्यानादणुसंस्थं धारयेत् क्रमेण मनः । विषमिव सर्वाङ्गगतं मंत्रबलान्मांत्रिको दंशे ॥१९॥ अपसारितेन्धनभरः शेषस्तोकेन्धनोऽनलो ज्वलितः । तस्मादपनीतो वा निर्वाति यथा मनस्तद्वत् ॥२०॥ ज्वलति ततश्च ध्यानज्वलने भृशमुज्ज्वले यतीन्द्राणाम् । निखिलानि विलीयन्ते, क्षणमात्राद् घातिकर्माणि ॥२१॥ ज्ञानावरणीयं दृष्टयावरणीयं च मोहनीयं च । विलयं प्रयान्ति सहसा सहान्तरायेण कर्माणि ॥२२॥ (घातिकर्मक्षयफलम्) संप्राप्य केवलज्ञानदर्शने दुर्लभे ततो योगी । जानाति पश्यति तथा लोकालोकं

વિવિધપ્રકારના તીવ્રઅભ્યાસવાળો જ્યારે યોગી થાય ત્યારે આત્મગુણ પ્રગટ થતાં તે એકતાને યોગ્ય થાય. ૧૭. જ્યારે એક યોગવાળો થયોથકો યોગી ઉત્પાદ, સ્થિતિ ને વ્યયાદિ પર્યાયોમાંના એક પર્યાયનું ધ્યાન કરે ત્યારે એકત્વ અવિચાર ધ્યાન થાય. ૧૮. સર્વઅંગમાં વ્યાપેલું ઝેર જેમ મંત્રના બળથી માંત્રિક દંખમાં લાવી મૂકે છે તેમ ત્રણ જગતને વિષય કરનારૂ મન ધ્યાનથી અનુક્રમેઅણુપર (પરમાણું ઉપર) ધારણ કરવું. ૧૯. દૂર કરેલા ઇન્ધનના સમૂહવાળો અગ્નિ અથવા બાકીના થોડા ઈન્ધનવાળો અને લાકડા ખસેડેલો અગ્નિ જેમ ઓલવાઈ જાયછે, તેમ વિષય રહિત મન શાન્ત થાયછે. ૨૦. પછી શુક્લધ્યાન રૂપ અગ્નિ અત્યન્ત પ્રજવલિત થવાથી યતીંદ્રના ઘાતિકર્મો બધાએ ક્ષણવારમાં નાશ પામે છે. ૨૧. **જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય** અને **અન્તરાય** સહિત (એ ઘાતિ) કર્મો સહસા નાશ પામે છે. ૨૨. **(ઘાતીકર્મ ક્ષય થવાથી થતું ફલ)** તે પછી યોગી દુર્લભ એવા કેવળજ્ઞાન ને કેવળદર્શન પામી યથાવસ્થિત લોકાલોકને

यथावस्थं ॥२३॥ देवस्तदा स भगवान्, सर्वज्ञः सर्वदर्श्यनन्त-गुणः। विहरत्यवनीवलयं सुरासुरनरोरगैः प्रणतः ॥ २४ ॥ वाग्ज्योत्स्नयाऽखिलान्यपि विबोधयति भव्यजन्तुकुमुदानि। उन्मूलयति क्षणतो मिथ्यात्वं द्रव्यभावगतम् ॥ २५ ॥ तन्नामग्रहमात्रादनादिसंसारसंभवं दुःखम्। भव्यात्मनामशेषं परिक्षयं याति सहसैव ॥२६॥ अपि कोटीशतं संख्याः समुपासितुमागताः सुरनराद्याः। क्षेत्रे योजनमात्रे मान्ति तदाऽस्य प्रभावेण ॥ २७ ॥ त्रिदिवौकसो मनुष्यास्तिर्यञ्चोऽन्येऽप्यमुष्य बुध्यन्ते। निजनिजभाषानुगतं वचनं धर्मावबोधकरम् ॥२८॥ आयोजनशतमुग्रा रोगाः शाम्यन्ति तत्प्रभावेण। उदयिनि शीतमरीचाविव तापरुजः क्षितेः परितः ॥ २९ ॥ मारीतिदुर्भिक्षातिवृष्ट्यनावृष्टिडमरवैराणि। न

જાણે છે ને જુએ છે. ૨૩. ત્યારે સર્વજ્ઞ, સર્વદર્શી અનન્તગુણવાન, દેવ એવા તે ભગવાન, સુર, અસુર, મનુષ્ય અને ઉરગો થી પ્રણામ કરાતા પૃથ્વીની ઉપર વિચરે છે. ૨૪. વાણી રૂપ જ્યોત્સ્નાથી સમગ્ર ભવ્યજન્તુ રૂપી કમળોને વિકસ્વર કરે છે અને ક્ષણમાત્રમાં તેમના દ્રવ્યથી અને ભાવથી રહેલા મિથ્યાત્વનું ઉન્મૂલન કરે છે. ૨૫. તેમનું નામ ગ્રહણ કરવા માત્રથીજ અનાદિ સંસારમાં થએલું સમગ્ર દુઃખ ભવ્ય જીવોને એકદમ નાશ પામે છે. ૨૬. વળી તેમની ઉપાસના કરવાને આવેલા સેંકડો કોટી દેવ મનુષ્યાદિ તે વખતે તેમના પ્રભાવથી એક યોજન પ્રમાણ ક્ષેત્રમાં સમાઇ જાય છે. ૨૭. ધર્મનો બોધ કરનારૂં તેમનું વચન દેવ મનુષ્ય અને તિર્યંચો પણ પોતપોતાની ભાષાપ્રમાણે સમજી શકે છે. ૨૮. જેમ ચન્દ્રના પ્રભાવથી તાપ શાન્ત થાય છે તેમ તેમના પ્રભાવથી પૃથ્વીમાં ચારે બાજુએ સો યોજન સુધી ઉગ્ર રોગો શાન્ત થઈ જાય છે. ૨૯. જેમ સૂર્ય ઉદય થવાથી આ પૃથ્વીપર અંધકાર હોતો નથી. તેમ ભગવાન પૃથ્વીપર વિહાર કર-

भवन्त्यस्मिन् विहरति सहस्ररश्मौ तमांसीव ॥३०॥ मार्तंडमंडल-श्रीविडंबि भामंडलं विभोः परितः । आविर्भवत्यनुवपुः, प्रकाश-यत्सर्वतोऽपि दिशः ॥३१॥संचारयन्ति विकचान्यनुपादन्यासमाशु कमलानि । भगवति विहरति तस्मिन् कल्याणीभक्तयो देवाः॥३२॥ अनुकूलो वाति मरुत् प्रदक्षिणं यान्त्यमुष्य शकुनाश्च । तरवोऽपि नमन्ति भवन्त्यधोमुखाः कंटकाश्च तदा ॥३३॥आरक्तपल्लवोऽशो-कपादपः स्मेरकुसुमगन्धाढ्यः । प्रकृतस्तुतिरिव मधुकरविरुतैर्वि-लसत्युपरि तस्य ॥३४॥ षडपि समकालमृतवो भगवन्तं ते तदोप-तिष्ठन्ते । स्मरसाहाय्यककरणे प्रायश्चित्तं ग्रहीतुमिव ॥ ३५ ॥ अस्य पुरस्तान्निनदन्, विजृंभते दुन्दुभिर्नभसि तारम् । कुर्वाणो निर्वाणप्रयाणकल्याणमिव सद्यः ॥ ३६ ॥ पञ्चापि चेन्द्रियार्थाः

વાથી મરકી, દુર્ભિક્ષ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ યુદ્ધ ને વૈરાદિ થતા નથી. ૩૦. સૂર્યમંડળની શોભાને વિડંબના કરનાર, ચારે બાજુ દિશાઓને પ્રકાશ કરતું એવું ભામંડળ ભગવાનના શરીરની પાછળ પ્રગટ થાય છે. ૩૧. તે ભગવાન પૃથ્વીપર વિચરે છે ત્યારે શ્રેષ્ટભકિતવાળા દેવો તેમને પગ મૂકવાને ઠેકાણે પગલે પગલે સુવર્ણકમળો સ્થાપે છે. ૩૨. અને તે વખતે વાયુ અનુકૂળ વાય છે, તેમને (ચાસ વિગેરે) પક્ષીઓ પ્રદક્ષિણા આપે છે, ઝાડો પણ નમે છે અને કાંટાઓ ઉંધા મુખવાળા થઈ જાય છે. ૩૩. રાતાં પત્રવાળો, વિકસ્વર અને સુગન્ધીપુષ્પવાળો અશોકવૃક્ષ ભ્રમરોનાં શબ્દોથી સ્તુતિ કરતો હોય તેમ તે ભગવન્તના ઉપર શોભે છે. ૩૪. કામદેવને સહાય કરવાનું પ્રાયશ્ચિત્ત લેવાને જાણે આવી હોય તેમ છએ ઋતુઓ એકીકાળે ભગવન્ત પાસે આવેછે. ૩૫. કલ્યાણકારીમોક્ષમાર્ગમાં પ્રયાણ કરતા એવા આ ભગવન્ત-ની આગળ તત્કાળ તારસ્વરથી નાદ કરતો આકાશમાં દેવ-દુન્દુભિ વાગે છે. ૩૬. પાંચે ઇન્દ્રિયોનાં અર્થ તેમની પાસે

क्षणान्मनोज्ञा भवन्ति तदुपान्ते । को वा न गुणोत्कर्षं सविधौ महतामवाप्नोति ॥ ३७ ॥ अस्य नखा रोमाणि च वर्धिष्णून्यपि नहि प्रवर्धन्ते । भवशतसंचितकर्मच्छेदं दृष्ट्वैव भीतानि ॥ ३८ ॥ शमयन्ति तदभ्यर्णे रजांसि गन्धजलवृष्टिभिर्देवाः । उन्निद्रकुसुमवृष्टिभिरशेषतः सुरभयन्ति भुवम् ॥ ३९ ॥ छत्रत्रयी पवित्रा उपरि विभोर्भक्तितस्त्रिदशराजैः । गंगास्रोतस्त्रितयीव धार्यते मंडलीकृत्य ॥४०॥ अयमेक एव नः प्रभुरित्याख्यातुं बिडौजसोन्नमितः। अंगुलिदंड इवोच्चैश्चकास्ति रत्नध्वजस्तस्य ॥४१॥ अस्य शरदिन्दुदीधितिचारूणि च चामराणि धूयन्ते । वदनारविन्दसंपातिराजहंसभ्रमं दधति ॥४२॥ प्राकारास्त्रय उच्चैर्विभान्ति समवसरणस्थितस्यास्य । कृतविग्रहाणि सम्यक्चारित्रज्ञानदर्शनानीव

ક્ષણવારમાં મનોહર થઇ જાય છે. અથવા મ્હોટાઓની સમીપે કોણ ગુણનો ઉત્કર્ષ ન પામે ? ૩૭. સેંકડો ભવનાં સંચિતકરેલા કર્મનો નાશ થએલો જોઇનેજ ભય પામ્યા હોય તેમ આ ભગવન્તના નખ અને રોમ વધવાના સ્વભાવવાળા છતાં વધતા નથી. ૩૮. તેમની પાસે સુગંધીજળની વૃષ્ટિથી દેવો ધૂળને સમાવી દે છે અને આજુબાજુની ભૂમિ વિકસિતપુષ્પવૃષ્ટિથી સુવાસિત કરે છે. ૩૯. ગંગાનદીના ત્રણપ્રવાહજેવા ગોળ અને પવિત્ર ત્રણ છત્રો ભગવન્તની ઉપર ઇંદ્રો ભક્તિથી ધારણ કરે છે. ૪૦. આ એકજ અમારો સ્વામિ છે એમ કહેવાને જાણે ઇન્દ્રે અંગુલી રૂપ દંડ ઊંચો કર્યો હોય તેમ તેમનો રત્નધ્વજ (ઇન્દ્રધ્વજ) ઉંચે શોભેછે. ૪૧. આ પ્રભુને શરદ ઋતુના ચન્દ્રની કાન્તિ જેવા સુન્દર ચામરો વિંજાયછે તે જાણે મુખરૂપ કમળપર આવતા રાજહંસના ભ્રમને ધારણ કરે છે. ૪૨. આ ભગવન્તના સમવસરણના ત્રણ કિલ્લાઓ જાણે દેહધારી સમ્યગ્જ્ઞાન દર્શન ને ચારિત્ર ન હોય તેમ અત્યન્ત શોભે છે.

॥४३॥ चतुराशावर्तिजनान् युगपदिवानुग्रहीतुकामस्य । चत्वारि भवन्ति मुखान्यंगानि च धर्ममुपदिशतः ॥४४॥ अभिवन्द्यमानपादः सुरासुरनरोरगैस्तदा भगवान् । सिंहासनमधितिष्ठति भास्वानिव पूर्वगिरिशृंगम् ॥४५॥ तेजःपुञ्जप्रसरप्रकाशिताशेषदिक्क्रमस्य तदा । त्रैलोक्यचक्रवर्तित्वचिह्नमग्रे भवति चक्रम् ॥४६॥ भवनपतिज्योतिःपतिविमानपतिवानमन्तराः सविधे । तिष्ठन्ति समवसरणे जघन्यतः कोटिपरिमाणाः ॥४७॥ तीर्थकरनामसंज्ञं न यस्य कर्मास्ति सोऽपि योगबलात् । उत्पन्नकेवलः सन् सत्यायुषि बोधयत्युर्वीम् ॥ ४८ ॥ संपन्नकेवलज्ञानदर्शनोऽन्तर्मुहूर्त्तशेषायुः । अर्हति योगी ध्यानं तृतीयमपि कर्तुमचिरेण ॥४९ ॥ आयुःकर्मसकाशादधिकानि स्युर्यदाऽन्यकर्माणि । तत्साम्याय तदोपक्रमते

---

૪૩. ચારે દિશામાં રહેલા મનુષ્યોને જાણે એકીસાથે અનુગ્રહ કરવાની ઇચ્છાવાળા હોય તેમ ધર્મોપદેશ કરતાં ભગવન્તને ચાર શરીર અને ચાર મુખો થાયછે. ૪૪. સુર, અસુર, મનુષ્ય અને ભુવનપતિઓએ કરીને ચરણમાં નમસ્કાર કરાતા ભગવાન, પૂર્વાચળના શિખરપર જેમ સૂર્ય આરૂઢ થાય, તેમ સિંહાસનપર બેસેછે. ૪૫. તે વખતે તેજઃપુંજ પ્રસરવાથી સમગ્રદિશાઓને પ્રકાશિત કરતું, ત્રૈલોક્યના ચક્રવર્તિપણાની નિશાની જેવું ચક્ર તેમની આગળ થાયછે. ૪૬. ભુવનપતિ, જયોતિષ્પતિ, વિમાનપતિ, ને વાણુવ્યંતર એ સર્વ સમવસરણમાં ઓછામાં ઓછા એકકોટીપ્રમાણ જેટલાં હોય છે. ૪૭. જેમને તીર્થંકર નામકર્મ ન હોય, તે પણ યોગના બળથી કેવલજ્ઞાન ઉત્પન્ન થયાબાદ આયુષ હોય તો જગતને બોધ કરે છે. ૪૮. કેવલજ્ઞાન ને કેવલદર્શનવાળો યોગી અન્તર્મુહૂર્ત આયુષ બાકી હોય ત્યારે ત્રીજું ધ્યાન પણ થોડાકાળમાં કરવાને યોગ્ય થાયછે. ૪૯. પરન્તુ જો આયુઃકર્મ કરતાં બીજા કર્મ અધિક હોય તો તે વખતે તે કર્મોને આયુષની સમાન કરવાને યોગી કેવલી-

योगी समुद्घातम् ॥ ५० ॥ दंडकपाटे मंथानकं च समयत्रयेण निर्माय । तुर्ये समये लोकं निःशेषं पूरयेद्योगी ॥५१॥ समयैस्ततश्चतुर्भिर्निवर्तते लोकपूरणादस्मात् । विहितायुःसमकर्मा ध्यानी प्रतिलोममार्गेण ॥५२॥ श्रीमानचिन्त्यवीर्यः शरीरयोगेऽथ बादरे स्थित्वा । अचिरादेव हि निरुणद्धि बादरौ वाङ्मनसयोगौ ॥५३॥ सूक्ष्मेण काययोगेन काययोगं स बादरं रुन्ध्यात् । तस्मिन्ननिरुद्धे सति शक्यो रोद्धुं न सूक्ष्मतनुयोगः ॥ ५४ ॥ वचनमनोयोगयुगं सूक्ष्मं निरुणद्धि सूक्ष्मतनुयोगात् । विदधाति ततो ध्यानं सूक्ष्मक्रियमसूक्ष्मतनुयोगम् ॥ ५५ ॥ तदनन्तरं समुच्छिन्नक्रियमाविर्भवेदयोगस्य । अस्यान्ते क्षीयन्ते त्वघातिकर्माणि चत्वारि ॥५६॥ लघुवर्णपञ्चकोद्गिरणतुल्यकालामवाप्य शैलेशीम् । क्षपयति युगपत् परितो वेद्यायुर्नामगोत्राणि ॥५७॥ औदारिक-

---

સમુદ્ઘાત કરવાનો આરંભ કરેછે. ૫૦. ત્રણ સમયે દંડ કપાટ અને મંથાન (રવૈયો) બનાવી ચોથે સમયે સમગ્રલોકને આત્મપ્રદેશથી યોગી પૂરે. ૫૧. તે પછી આયુષસરખા બીજાં કર્મ કરી લોકપૂરવાના કાર્યથી પ્રતિલોમમાર્ગે ધ્યાની ચાર સમયે પાછો ફરે. ૫૨. જ્ઞાનાદિલક્ષ્મીમાન્ અચિન્ત્યવીર્યવાન્ યોગી બાદરકાયયોગમાં રહી બાદરવચનયોગ અને બાદરમનોયોગ થોડાકાળમાંજ રોકેછે. ૫૩. પછી સૂક્ષ્મકાયયોગવડે તે યોગી બાદરકાયયોગને રૂંધે, કેમકે બાદરકાયયોગ રોકયા શિવાય સૂક્ષ્મકાયયોગ રોકી શકાય નહિ. ૫૪. સૂક્ષ્મકાયયોગથી સૂક્ષ્મવચનયોગ ને મનોયોગ રોકેછે, તે પછી સૂક્ષ્મક્રિયાવાળું ને સ્થૂલકાયયોગવાળું ધ્યાન કરેછે. ૫૫. તે પછી અયોગીને સમુચ્છિન્નક્રિયા (સર્વક્રિયાનો વ્યવચ્છેદવાળું ધ્યાન) ઉત્પન્ન થાયછે, અને આની અન્તે ચાર અઘાતિકર્મ ક્ષય પામે છે. ૫૬. પાંચ હ્રસ્વાક્ષર બોલી શકાય તેટલા વખતની શૈલેશીઅવસ્થા (મેરૂ માફક સ્થિર અવસ્થા) પામીને એકી સાથે વેદની, આયુષ્ય,

तैजसकार्मणानि संसारमूलकरणानि । हित्वेह ऋजुश्रेण्यां समयेनैकेन याति लोकान्तम् ॥५८॥ नोर्ध्वमुपग्रहविरहादधोऽपि वा नैव गौरवाऽभावात् । योगप्रयोगविगमात् न तिर्यगपि तस्य गतिरस्ति ॥ ५९ ॥ लाघवयोगाद् धूमवदलाबुफलवच्च संगविरहेण। बंधनविरहादेरंडवच्च सिद्धस्य गतिरूर्ध्वम् ॥६०॥ सादिकमनन्तमनुपममव्याबाधं स्वभावजं सौख्यं । प्राप्तः स केवलज्ञानदर्शनो मोदते मुक्तः ॥६१॥

इति श्रीहेमचन्द्राचार्यविरचिते योगशास्त्रे एकादशमः प्रकाशः ॥११॥

નામ, ને ગોત્રકર્મને ખપાવે છે ૫૭. સંસારના મૂળકારણભૂત ઔદારિક તૈજસ ને કાર્મણશરીરો અહીં તજી દઈ સમશ્રેણિએ એકજ સમયે લોકાન્તે જાય છે. ૫૮. સિદ્ધાત્માની ગતિ સહાયકારક ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી ઉંચે થતી નથી, ગૌરવનો અભાવ હોવાથી નીચે પણ થતી નથી અને યોગનો વ્યાપાર ન હોવાથી તિર્છિ પણ થતી નથી. ૫૯. લાઘવપણાથી ધૂમની જેમ, સંગના અભાવથી તુંબડાની પેઠે અને બંધનના અભાવથી એરંડાની જેમ સિદ્ધની ઉર્ધ્વગતિ થાય છે. ૬૦. કેવળજ્ઞાન ને કેવળદર્શનવાળો તે મુક્તયોગી, સાદિઅનન્ત, અનુપમ, અવ્યાબાધ, સ્વભાવથી થએલું સુખ પ્રાપ્તકરી આનંદ પામેછે. ૬૧.

इति श्रीहेमचन्द्राचार्यविरचिते योगशास्त्रे एकादशप्रकाशस्य गूर्जरगिरायामनुवादः ११.

॥ अथ द्वादशः प्रकाशः ॥ १२ ॥

(आचार्याणाम् स्वानुभवः) श्रुतसिन्धोर्गुरुमुखतो यदधिगतं तदिह दर्शितं सम्यक्। अनुभवसिद्धमिदानीं, प्रकाश्यते तत्त्वमिदमखिलम् ॥ १ ॥ (मनसः प्रकाराः) इह विक्षिप्तं यातायातं श्लिष्टं तथा सुलीनं च। चेतश्चतुःप्रकारं तज्ज्ञचमत्कारकारि भवेत् ॥२॥ (मनोलक्षणानि) विक्षिप्तं चलमिष्टं यातायातं च किमपि सानन्दम्। प्रथमाभ्यासे द्वयमपि विकल्पविषयग्रहं तत्स्यात् ॥३॥ श्लिष्टं स्थिरसानन्दं सुलीनमतिनिश्चलं परमानन्दम्। तन्मात्रकविषयग्रहमुभयमपि बुधैस्तदाऽऽम्नातम् ॥४॥ एवं क्रमशोऽभ्यासावेशाद् ध्यानं भजेन्निरालंबम्। समरसीभावं यातः परमानन्दं ततोऽनुभवेत् ॥५॥ बाह्यात्मानमपास्य प्रसक्तिभाजाऽन्तरात्मना योगी।

હવે બારમો પ્રકાશ ૧૨.

(આચાર્યશ્રીજીનો સ્વાનુભવ) શ્રુતસમુદ્રમાંથી અને ગુરૂના મુખથી જે જાણ્યું, તે સમ્યક્પ્રકારે આ ઠેકાણે બતાવ્યું; હવે મને જે અનુભવસિદ્ધ થયું છે તે સર્વતત્ત્વ પ્રગટ કરૂં છું. ૧. (મનના ભેદો) વિક્ષિપ્ત યાતાયાત શ્લિષ્ટ અને સુલીન એમ ચાર પ્રકારનું ચિત્ત તેના જાણનારાઓને ચમત્કાર કરનારૂં થાય છે .૨.(મનના લક્ષણો) 'વિક્ષિપ્તમન' ચપળતાવાળું છે, 'યાતાયાત' કંઈક આનંદવાળું છે. પ્રથમ અભ્યાસમાં બેઉ મન વિકલ્પ વિષયને ગ્રહણ કરનાર હોયછે.૩. 'શ્લિષ્ટમન' સ્થિરતા અને આનંદવાળું છે, 'સુલીનમન' અતિનિશ્ચળ અને પરમાનંદવાળું છે, તે બેઉ મન તેનોજ વિષય ગ્રહણ કરનાર છે, એમ પંડિતોએ કહ્યુંછે. ૪. એ પ્રમાણે અભ્યાસના આવેશથી નિરાલંબન ધ્યાન કરતાં સમરસીભાવ પરમાત્માની સાથે અભિન્નપણે લય પામવું તે પામીને પછી પરમાનંદને અનુભવે છે. ૫.

सततं परमात्मानं विचिन्तयेत्तन्मयत्वाय ॥ ६ ॥ आत्मधिया समुपात्तः कायादिः कीर्त्यतेऽत्र बहिरात्मा । कायादेः समाधिष्ठायको भवत्यन्तरात्मा तु ॥ ७ ॥ (परमात्मस्वरूपं) चिद्रूपानन्दमयो निःशेषोपाधिवर्जितः शुद्धः । अत्यक्षोऽनन्तगुणः परमात्मा कीर्तितस्तज्ज्ञैः ॥ ८ ॥ पृथगात्मानं कायात् पृथक् च विद्यात्सदाऽऽत्मनः कायम् । उभयोर्भेदज्ञातात्मनिश्चये न स्खलेद्योगी ॥९॥ तान्यध्यारोप्यात्मनि साक्षिण्यास्ते सुखेन जडबुद्धिः । व्यक्तारोपः सम्यक् प्राप्नोति पुनः पदं परमम् ॥ १० ॥ अन्तःपिहितज्योतिः संतुष्यत्यात्मनोऽन्यतो मूढः । तुष्यत्यात्मन्येव हि बहिर्निवृत्तभ्रमो ज्ञानी ॥११॥ पुंसामयत्नलभ्यं ज्ञानवतामव्ययं पदं नूनम् । यद्यात्मन्यात्मज्ञानमात्रमेते समीहन्ते॥१२॥श्रयते सुवर्णभावं सिद्धरस-

---

આત્માના સુખને ઇચ્છનારા યોગીએ અન્તરાત્માવડે બાહ્યાત્મભાવનો ત્યાગકરી તન્મય થવા માટે નિરન્તર પરમાત્માનું ચિન્તવન કરવું. ૬. શરીરાદિને આત્મબુદ્ધિએ ગ્રહણ કરવો તે અહીં બહિરાત્મા કહેવાય છે, અને શરીરાદિના અધિષ્ઠાતા રૂપે (આત્મા) તે અન્તરાત્મા છે. ૭. ચિદ્રૂપ, આનન્દમય, સર્વ ઉપાધિરહિત,શુદ્ધ,અતીન્દ્રિય અનન્તગુણવાન આત્માને આત્મસ્વરૂપ જાણનારાઓએ પરમાત્મા કહેલો છે. ૮. હમ્મેશાં આત્માને શરીરથી ભિન્ન અને શરીરને આત્માથી ભિન્ન જાણે એમ ઉભયનો ભેદ જાણનાર યોગી આત્મનિશ્ચયમાં સ્ખલના પામતો નથી.૯. તે કાયાદિને આત્માને વિષે સાક્ષી આરોપણ કરીને જડ બુદ્ધીવાળો મનુષ્ય સુખે રહે છે, ને રૂડી રીતે આરોપને પ્રકટ કરનાર જ્ઞાની તો પરમ પદ પામે છે. ૧૦. ઢંકાઈ ગએલ અન્તઃજયોતિવાળો મૂઢપુરૂષ આત્માસિવાય જડવસ્તુથી સંતોષ પામેછે, અને બાહ્યભાવઉપરનો ભ્રમ જેનો દૂર થયો છે એવો યોગી આત્મામાંજ સંતોષ પામે છે. ૧૧. જો મનુષ્યો આત્મામાં આત્મજ્ઞાન માત્રજ ઇચ્છતા હોય તો અવશ્ય પુરૂષોને યત્નશિવાય અવ્યયપદ પ્રાપ્ત થાય.

स्पर्शतो यथालोहम् । आत्मध्यानादात्मा परमात्मत्वं तथाऽऽप्नोति ॥ १३ ॥ जन्मान्तरसंस्कारात्स्वयमेव किल प्रकाशते तत्त्वम् । सुप्तोत्थितस्य पूर्वं प्रत्ययवन्निरुपदेशमपि ॥ १४ ॥ अथवा गुरुप्रसादादिहैव तत्त्वं समुन्मिषति नूनम् । गुरुचरणोपास्तिकृतः प्रशमजुषः शुद्धचित्तस्य ॥१५॥ तत्र प्रथमे तत्त्वज्ञाने संवादको गुरुर्भवति । दर्शयिता त्वपरस्मिन् गुरुमेव सदा भजेत्तस्मात् ॥१६॥ यद्वत्सहस्रकिरणः प्रकाशको निचिततिमिरमग्नस्य । तद्वद् गुरुरत्र भवेदज्ञानध्वान्तपतितस्य ॥१७॥ प्राणायामप्रभृतिक्लेशपरित्यागतस्ततो योगी । उपदेशं प्राप्य गुरोरात्माभ्यासे रतिं कुर्यात् ॥१८॥ वचनमनःकायानां क्षोभं यत्नेन वर्जयेच्छान्तः । रसभांडमिवात्मानं सुनिश्चलं धारयेन्नित्यम् ॥१९॥ औदासीन्यपरायणवृत्तिः किञ्चिदपि

---

१२. જેમ સિદ્ધરસના સ્પર્શથી લોહું સુવર્ણભાવને પામેછે, તેમ આ આત્મા આત્મધ્યાનથી પરમાત્મભાવને પામેછે. ૧૩. જેમ નિદ્રામાંથી જાગેલા પુરૂષને પૂર્વને। પ્રત્યય ઉપદેશવિના થાય છે. તેમ જન્માન્તરના સંસ્કારવાળા યોગીને સ્વયમેવ તત્ત્વ પ્રકાશે છે. ૧૪. અથવા ગુરૂચરણની સેવા કરનાર પ્રશમભાવને સેવનારને શુદ્ધચિત્તવાળા યોગીને ગુરૂની કૃપાથી આ ભવમાંજ નિશ્ચે તત્ત્વ પ્રાપ્તથાયછે. ૧૫. તેમાં પ્રથમ તત્ત્વજ્ઞાનમાં ઉપદેશ આપનાર ગુરૂ હોય છે અને બીજા ભવમાં પણ તત્ત્વ બતાવનાર ગુરૂ છે. તેથી હમ્મેશાં ગુરૂની સેવા કરવી. ૧૬. જેમ ગાઢ અન્ધકારમાં પડેલી વસ્તુને પ્રકાશ કરનાર સૂર્ય છે તેમ અહીં અજ્ઞાનરૂપ અન્ધકારમાં પડેલાને ગુરૂ તત્ત્વપ્રકાશક છે. ૧૭. તે માટે પ્રાણાયામઆદિ ક્લેશને। ત્યાગ કરી યોગીએ ગુરૂને। ઉપદેશ પામી આત્મઅભ્યાસમાં પ્રીતિ કરવી. ૧૮. શાંતયોગીએ મન વચન ને કાયાની ચંચળતાને। પ્રયત્ને કરી ત્યાગ કરવો. અને રસથી ભરેલા વાસણની જેમ અતિનિશ્ચળરૂપે આત્માને નિત્ય ધારી રાખવો. ૧૯. ઉદાસીનમાં તત્પર

चिन्तयेन्नैव। यत्संकल्पाकुलितं, चित्तं नासादयेत्स्थैर्यम् ॥ २० ॥ यावत्प्रयत्नलेशो यावत्संकल्पकल्पना कापि। तावन्न लयस्यापि प्राप्तिस्तत्त्वस्य का तु कथा॥२१॥यदिदं तदिति न वक्तुं साक्षाद् गुरुणापि हन्त शक्येत। औदासीनपरस्य प्रकाशते तत् स्वयं तत्त्वम् ॥२२॥ एकान्तेऽतिपवित्रे रम्ये देशे सदा सुखासीनः। आचरणाग्रशिखाग्राच्छिथिलीभूताखिलावयवः ॥ २३ ॥ रूपं कान्तं पश्यन्नपि शृण्वन्नपि गिरं कलमनोज्ञाम्। जिघ्रन्नपि च सुगन्धीन्यपि भुञ्जानो रसान् स्वादून् ॥२४॥ भावान् स्पृशन्नपि मृदून्न वारयन्नपि च चेतसो वृत्तिम्। परिकलितौदासीन्यः प्रणष्टविषयभ्रमो नित्यम् ॥२५॥ बहिरन्तश्च समन्ताच्चिन्ताचेष्टापरिच्युतो योगी। तन्मयभावं प्राप्तः कलयति भृशमुन्मनीभावम् ॥२६॥ चतुर्भिः कलापकं ॥ गृह्णन्ति ग्राह्याणि स्वानि स्वानीन्द्रियाणि

વૃત્તિવાળો કંઇ પણ ચિન્તવે નહિ, કેમકે સંકલ્પથી વ્યાકુળ-થએલું ચિત્ત સ્થિરતા પામતું નથી. ૨૦. જ્યાંસુધી થોડો પણ પ્રયત્ન છે અને જ્યાં સુધી સંકલ્પની કાંઇપણ કલ્પના હોય ત્યાં સુધી લય થતો નથી તો પછી તત્ત્વ પ્રાપ્તિની તો વાતજ શી ? ૨૧. જે પરમતત્ત્વ છે તે આ છે એમ સાક્ષાત્ બૃહસ્પ-તિથી પણ કહી શકાય નહિ તે તત્ત્વ ઉદાસીનવૃત્તિવાળા યોગીને સ્વયં પ્રકાશે છે. ૨૨. એકાન્ત, અતિપવિત્ર અને મનોહર દેશમાં(સ્થાનમાં)લાંબો વખત સુખે બેશી શકાય તેમ, પગથી શિખાપર્યન્ત સર્વ અવયવો શિથિલ કરી. સુન્દર રૂપો જોતાં, સુંદર મનોજ્ઞવાણી સાંભળતાં, સુવાસીત વસ્તુ સુંઘતાં, સ્વાદુરસ ખાતાં, મૃદુપદાર્થને સ્પર્શ કરતાં, મનની વૃત્તિને ન રોકતાં છતાં પણ, ઉદાસીનતા યુકત, હમ્મેશાં વિષયાસકિતના ભ્રમ રહિત, બાહ્ય તથા અભ્યન્તરથી ચિન્તા અને ચેષ્ટા રહિત થએલો યોગી, તન્મય ભાવને પામી અત્યન્ત ઉન્મની ભાવ પામે છે. ૨૩-૨૪-૨૫-૨૬. પોત પોતાના વિષયોને ગૃહણ કરતી ઇન્દ્રિયોને રોકવી

नो रुन्ध्यात् । न खलु प्रवर्तयेद्वा प्रकाशते तत्त्वमचिरेण ॥२७॥ चेतोऽपि यत्र यत्र प्रवर्तते नो ततस्ततो वार्यम् । अधिकीभवति हि वारितमवारितं शान्तिमुपयाति ॥२८॥ मत्तो हस्ती यत्नान्नि-वार्यमाणोऽधिकीभवति यद्वत्। अनिवारितस्तु कामाँल्लब्ध्वा शाम्यति मनस्तद्वत् ॥ २९ ॥ [मनःस्थिरतामाह] यर्हि यथा यत्र यतः स्थिरीभवति योगिनश्चलं चेतः । अंगुल्यग्रस्थापितदंड इव स्थैर्यमाश्रयति ॥३१॥(इन्द्रियजयार्थविधिमाह) निःसृत्याऽऽदौ दृष्टिः संलीना यत्र कुत्रचित् स्थाने । तत्रासाद्य स्थैर्यं शनैः शनैर्विलय-मामोति ॥ ३२ ॥ सर्वत्रापि प्रसृता प्रत्यग्भूता शनैः शनैर्दृष्टिः । परतत्त्वामलमुकुरे निरीक्षते ह्यात्मनाऽऽत्मानम्॥ ३३ ॥[मनोविजय-

---

નહિ, અને વિષયો પ્રત્યે પ્રેરવી પણ નહિ. એમ કરવાથી થોડા કાળમાં તત્ત્વ પ્રગટ થાયછે. ૨૭. ચિત્ત પણ જયાં જયાં પ્રવર્તતુ હોય ત્યાંથી પાછું વાળવું નહિ. કેમકે વારવાથી અધિક દોડે છે અને નહિ વારવાથી શાન્તિ પામે છે. ૨૮. જેમ મદોન્મત્ત હાથી યત્નથી વારતાં અ-ધિક મદોન્મત્ત થાય છે, અને નહિ વારવાથી ઇચ્છિત-વિષયોને પામીને શાન્ત થાય છે. તેમ મન પણ ઇચ્છિત-વિષયો પામી શાન્ત થાય છે. ૨૯. (મનનું સ્થિરપણું કહે છે.) જયારે યોગીનું ચપળચિત્ત, જેવી રીતે જયાં, જેનાથી સ્થીર થાય; ત્યારે, તેવી રીતે ત્યાં તેનાથી કદીપણ ચલાવવું નહિ ૩૦. આ યુક્તિએ અભ્યાસ કરનારનું ચ-પળચિત્ત પણ અંગુલીના અગ્રભાગે સ્થાપેલા દંડની જેમ સ્થિરતા પામે છે. ૩૧. (ઇંદ્રિયો જયકરવાનો વિધિ કહેછે.) પ્રથમ દૃષ્ટિ નીકળીને ગમે તે સ્થાને લીન થાય છે, પછી ત્યાં સ્થીરતા પામી ધીરે ધીરે વિલય પામે છે. ૩૨. સર્વત્ર પ્રસરેલી અને ધીરે ધીરે પાછી ફરેલી દૃષ્ટિ પરમ-તત્ત્વરૂપનિર્મલ આરિસામાં આત્માવડે આત્માને જુએ છે. ૩૩. (મન જયકરવાનો વિધિ કહેછે.) નિરન્તર

विधिमाह] औदासीन्यनिमग्नः प्रयत्नपरिवर्जितः सततमात्मा। भावितपरमानन्दः क्वचिदपि न मनो नियोजयति ॥ ३४ ॥ करणानि नाधितिष्ठन्त्युपेक्षितं चित्तमात्मना जातु। ग्राह्ये ततो निजनिजे करणान्यपि न प्रवर्तन्ते ॥ ३५ ॥ नात्मा प्रेरयति मनो न मनः प्रेरयति यर्हि करणानि। उभयभ्रष्टं तर्हि स्वयमेव विनाशमाप्नोति ॥३६॥ (मनोविजये फलं) नष्टे मनसि समन्तात् सकले विलयं च सर्वतो याते। निष्कलमुदेति तत्त्वं निर्वातस्थायिदीप इव॥३७॥ (तत्त्वज्ञानलक्षणम्) अंगमृदुत्वनिदानं स्वेदनमर्दनविवर्जनेनापि। स्निग्धीकरणमतैलं प्रकाशमानं हि तत्त्वमिदम् ॥ ३८ ॥ अमनस्कतया संजायमानया नाशिते मनःशल्ये। शिथिलीभवति शरीरं छत्रमिव स्तब्धतां त्यक्त्वा ॥ ३९ ॥ शल्यीभूतस्यान्तःकरणस्य

ઉદાસીનતામાં મગ્ન થએલા, પ્રયત્ન રહિત ને પરમાનંદથી ભાવિત આત્માએ કોઈ ઠેકાણે મન જોડવું નહિ. ૩૪ આત્માવડે ઉપેક્ષા કરાયલું મન કદીપણ ઇન્દ્રિઓનો આશ્રય કરતું નથી અને તેથી ઇન્દ્રિયો પોત પોતાના વિષયમાં પ્રવર્તતી નથી. ૩૫. જયારે આત્મા મનને પ્રેરતો નથી, અને મન ઇન્દ્રિઓને પ્રેરતું નથી, ત્યારે ઉભય ભ્રષ્ઠ થએલું મન પોતાની મેળેજ નાશ પામે છે. ૩૬. (**મનો જયનું ફળ**) મનનો નાશ થએ છતે અને સર્વથા પ્રકારે સર્વવ્યાપાર વિલય પામે છતે વાયુ રહિત સ્થાનમાં દીપકની જેમ નિષ્કલતત્વ (તત્વજ્ઞાન) ઉદય પામે છે. ૩૭. (**તત્વજ્ઞાનનું લક્ષણ**) જો તત્વજ્ઞાન પ્રકાશ થયું હોય તો, સ્વેદ તથા મર્દન શિવાય શરીર કોમળ થાયછે, અને તેલ વિના સ્નિગ્ધ થાયછે, એ તેની નિશાની છે. ૩૮. અમનસ્કપણું ઉત્પન્ન થવાથી મનશલ્ય નાશ પામે છે, અને છત્રની જેમ સ્તબ્ધતા (અક્કડતા) તજી શરીર શિથિલ થાયછે. ૩૯. નિરન્તર ક્લેશઆપનાર શલ્યભૂત અન્તઃકરણને શલ્યર-

क्लेशदायिनः सततम्, अमनस्कतां विनाऽन्यद्धितकरणौषधं नास्ति ॥ ४० ॥ (अमनस्कत्वस्य फलं) कदलीवच्चाविद्या लोलेन्द्रियपत्रला मनःकन्दा। अमनस्कफले दृष्टे नश्यति सर्वप्रकारेण ॥ ४१ ॥ अतिचञ्चलमतिसूक्ष्मं दुर्लक्ष्यं वेगवत्तया चेतः। अश्रान्तमप्रमादादमनस्कशलाकया भिन्द्यात् ॥४२॥(अमनस्कतालक्षणं) विश्लिष्टमिव प्लुष्टमिवोड्डीनमिव प्रलीनमिव कायम्। अमनस्कोदयसमये योगी जानात्यसत्कल्पम् ॥ ४३॥ समदैरिन्द्रियभुजगै रहिते विमनस्कनवसुधाकुंडे। मग्नोऽनुभवति योगी परामृतास्वादमसमानम् ॥ ४४ ॥ रेचकपूरककुंभककरणाभ्यासक्रमं विनापि खलु। स्वयमेव नश्यति मरुद्विमनस्के सत्ययत्नेन ॥४५॥ चिरमाहितप्रयत्नैरपि धर्तुं यो हि शक्यते नैव। सत्यमनस्के तिष्ठति

હિત કરવાનું અમનસ્કતા શિવાય અન્ય ઔષધ નથી.૪૦. (અમનસ્કતાનું ફળ) ચપળ ઈંદ્રિયરૂપ પત્રવાળી, મનરૂપ કન્દવાળી, અવિદ્યારૂપ કેળ, અમનસ્કરૂપ ફળ દેખવાથી સર્વ પ્રકારે નાશ પામે છે. ૪૧. અતિ ચંચળ અતિ સૂક્ષ્મ, અને વેગવાન હોવાથી દુખે જાણી શકાય એવા ચિત્તને નિરન્તર પ્રમાદરહિત અમનસ્કતારૂપ શલાકાથી ભેદવું. ૪૨. (અમનસ્કતાની નીશાની) અમનસ્કતાના ઉદય સમયે યોગી (પોતાનું) શરીર જાણે વિખરાઈ ગયું હોય, બળી ગયું હોય, ઉડી ગયું હોય, અથવા વિલીન થયું હોય તેમ અવિદ્યમાન (અછતું) માને છે. ૪૩. મદોન્મતઇન્દ્રિયરૂપ સર્પવિનાના અમનસ્કરૂપ નવીન અમૃતકુંડમાં મગ્ન થએલ યોગી અસાધારણ પરમ અમૃતનો સ્વાદ અનુભવે છે. ૪૪. રેચક, પૂરક ને કુંભક કરવાના અભ્યાસક્રમ વિના પણ અમનસ્કતા થએ છતે યત્નવિના પવન પોતાની મેળે નાશ પામે છે. ૪૫. લાંબો વખત ધારણ કરેલા પ્રયત્નો કરવા છતાં પણ જે વાયુ ધારી ન શકાય

स समीरस्तत्क्षणादेव ॥४६॥ जा(या)तेऽभ्यासे स्थिरतामुदयति विमले च निष्कले तत्त्वे । मुक्त इव भाति योगी समूलमुन्मूलितश्वासः॥४७॥ यो जाग्रदवस्थायां स्वस्थः सुप्त इव तिष्ठति लयस्थः। श्वासोच्छ्‌वासविहीनः स हीयते न खलु मुक्तिजुषः ॥ ४८ ॥ जागरणस्वप्नजुषो जगतीतलवर्तिनः सदा लोकाः। तत्त्वविदो लयमग्ना नो जाग्रति शेरते नापि ॥ ४९ ॥ भवति खलु शून्यभावः स्वप्ने विषयग्रहश्च जागरणे । एतद्‌द्वितयमतीत्याऽऽनन्दमयमवस्थितं तत्त्वम् ॥५०॥ कर्माण्यपि दुःखकृते निष्कर्मत्वं सुखाय विदितं तु । न ततः प्रयतेत कथं निष्कर्मत्वे सुलभमोक्षे? ॥५१॥ मोक्षोऽस्तु माऽस्तु यदि वा परमानन्दस्तु जायते स खलु। यस्मिन् निखिलसुखानि प्रतिभासन्ते न किञ्चिदिव ॥ ५२ ॥ मधु न

ते वायु अमनस्कता थये छते तरतज स्थिर थाय छे.४६. अभ्यासमां स्थिरता प्राप्त थये छते अने निर्मळ, निष्कलतत्व उदय थये छते, मूळथी श्वासनुं उन्मूलन करी मुक्त जेवो योगी शोभे छे. ४७. जे योगी जागृत्‌अवस्थामां पण ध्यानमां रहेलो थको सुतेलानी माफक स्वस्थ रहेछे ते श्वासोच्छ्‌वास रहित थइ सिद्धथी कंइ उतरतोनथी.४८.पृथ्वीतलपररहेला लोको जाग्रत अवस्था अने स्वप्नावस्था हम्मेशां अनुभवेछे, पण लयावस्थामां (**ध्यानअवस्थामां**) मग्न थएला तत्त्वज्ञो सुता नथी तेम जागता पण नथी. ४९. स्वप्नमां निश्चये शून्य भाव होय छे अने जागृतिमां (इन्द्रिओनो) विषयग्रह थाय छे. आ बे अवस्था उल्लंघीने आनंदमय तत्त्व रहे छे. ५०. कर्मो दुःख माटे छे अने निष्कर्मपणुं सुख माटे छे एम जाण्या पछी निष्कर्मता के जेमां मोक्ष सुलभ छे तेनेविषे शामाटे यत्न करता नथी।५१. कदी मोक्ष थाओअथवा न थाओ (कालान्तरे थाओ) परन्तु खरेखर (ध्यानथी) परमानंद तो अनुभवीए छीए के जेमां बीजा सर्व सुखो कंइ हीसाबमां नाह्‌ एवा जणाय छे ५२. आनो (अमनस्कभावनो)

मधुरं नैताः शीतास्त्विषस्तुहिनद्युतेरमृतममृतं नामैवास्याः फले तु सुधा मुधा । तदलममुना संरंभेण प्रसीद सखे ! मनः फलमविकलं त्वय्येवैतत्प्रसादमुपेयुषि ॥ ५३ ॥ सत्येतस्मिन्नरतिरतिदं गृह्यते वस्तु दूरादप्यासन्नेऽप्यसति तु मनस्याप्यते नैव किञ्चित् । पुंसामित्यप्यवगतवतामुन्मनीभावहेताविच्छा बाढं न भवति कथं सद्गुरूपासनायाम् ? ॥५४॥ तांस्तानापरमेश्वरादपि परान् भावैः प्रसादं नयंस्तैस्तैस्तत्तदुपायमूढ ! भगवन् ! आत्मन् ! किमायास्यसि? । हन्ताऽऽत्मानमपि प्रसादय मनाग्येनाऽऽसतां संपदः साम्राज्यं परमेऽपि तेजसि तव प्राज्यं समुज्जृंभते॥५५॥[^1][यो शास्त्रात्सुगुरोर्मुखादनुभवा-

ફળ આગળ, સુધા ફોગટ છે, અમૃત તે અમૃત નથી, મધ તે મધુર નથી, અને ચંદ્રની કાન્તિ તે શીતળ નથી. તો હે મિત્ર મન,આ પ્રયાસથી શર્યું. અને પ્રસન્ન થા. કેમકે તું પ્રસન્ન થાય તોજ તેનું અવિકલ ફળ પ્રાપ્ત થાય. ૫૩. ઉન્મનીભાવથી રતિ અને અરતિ આપનાર વસ્તુઓ દૂરથી પણ ગ્રહણ કરી શકાય છે, અને તેના અભાવે તે વસ્તુઓ નજીક હોય તો પણ મેળવાતી નથી, એમ જાણતાં છતાં એ પુરૂષોને ઉન્મનીભાવના હેતુભૂત સદ્ગુરૂની ઉપાસના ઉપર ગાઢ ઇચ્છા કેમ નથી થતી? ૫૪.(**આચાર્ય મહારાજનો પોતાના આત્માપ્રત્યે પ્રસન્ન કરવાનો ઉપદેશ**) હે ઉપાય મૂઢ! હે ભગવાન્! હે આત્મન્, પરમેશ્વર શિવાય તે તે ભાવોથી તે તે અન્યને પ્રસન્ન કરતો શા માટે પ્રયાસ કરે છે? અરે! જો તું આત્માને થોડો પણ પ્રસન્ન કરે તો આ સંપદાઓ તો શું? પરન્તુ તારા પરમ તેજની અંદર વિસ્તૃત સામ્રાજય ફેલાશે. ૫૫. જે વિવેકી પર્ષદાના ચિત્તને ચમત્કાર કરનારી ઉપનિષદ્ શાસ્ત્રથી સુગુરૂના

[^1]: १ टीकायां नैव विद्यते । ટીકામાં આ શ્લોક દેખાતો નથી.

च्चाऽज्ञायि किंचित् क्वचित्,योगस्योपनिषद्विवेकिपरिषच्चेतश्चमत्कारिणी। श्री चौलुक्यकुमारपालनृपतेरत्यर्थमभ्यर्थनादाचार्येण निवेशिता पथि गिरां श्रीहेमचन्द्रेण सा॥ ५६॥ [संप्रापि योगशास्त्रात्तद्विवृतेश्चापि यन्मया सुकृतम् । तेन जिनबोधिलाभप्रणयी भव्यो जनो भवतु ॥५७॥]

इति परमार्हतश्रीकुमारपालभूपालशुश्रूषितश्रीमद्धेमचन्द्राचार्यविरचितेऽध्यात्मोपनिषन्नाम्नि संजातपट्टबन्धे योगशास्त्रे द्वादशः।

प्रकाशः ॥ १२ ॥

॥ समाप्तमिदम् योगशास्त्रम् ॥

મુખથી અને કોઈ ઠેકાણે કંઈક અનુભવથી જાણી તે ચૌલુકયવંશના કુમારપાળ રાજાની અતિશયપ્રાર્થનાથી મેં (આચાર્ય શ્રી હેમચન્દ્રાચાર્યે) વાણીના માર્ગમાં સ્થાપન કરી. ૫૬. (યોગશાસ્ત્રથી અને તેની વૃત્તિથી મેં જે સુકૃત પ્રાપ્ત કર્યું હોય તે વડે ભવ્યજન બોધીના લાભની પ્રીતિવાળો થાઓ. ૫૭.)

इति श्रीहेमचन्द्राचार्यकृतयोगशास्त्रे द्वादशप्रकाशस्य गूर्जरगिरायामनुवादः ॥१२॥

॥ योगशास्त्रं समाप्तमिदम् ॥

। गूर्जरगिरायाम् ।

१ टीकायामस्ति न तु मूले। टीकामां छे परंतु मूलमां नथी.